RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 74* Date: 09.01.2021 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### બેઠકમાં ખેડૂતો પોસ્ટર લગાવીને બેઠા, જેમાં લખ્યું હતું મરીશું કે જીતીશું

# તારીખ પે તારીખઃ સરકાર-ખેડૂતો વચ્ચેની લમી બેઠક અનિર્ણિત

## ખેડૂતો અને સરકાર વચ્ચે આગામી બેઠક ૧૫ જાન્યુઆરીએ મળશે

ન્યુ દિલ્હી,તા.૮

સરકારની સાથે ખેડૂતોની ૯માં તબક્કાની વાતચીત પણ પરિણામ વગર જ પૂર્ણ થઈ છે. ખેડૂતોએ કડક અંદાજમાં સરકારને કહ્યું કે તેમે ઉકેલ લાવવા જ નથી માગતા. જો એવું છે તો અમને લખીને જણાવી દો, અમે જતા રહિશું. આ બેઠકમાં ખેડૂતો પોસ્ટર લગાવીને બેઠા હતા. જેના પર લખ્યું હતું- મરીશું કે જીતીશું. ખેડૂતો અને સરકાર વચ્ચે આગામી બેઠક ૧૫ જાન્યુઆરીએ મળશે.

ખેડૂત નેતા બલવીર રાજેવાલે મંત્રીઓને કહ્યું, ×તમે જિદ પર છો. તમે તમારા સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરીને લગાવી દેશો. અધિકારીઓ કોઈને કોઈ લોજિક આપતા રહેશો. અમારી પાસે પણ લિસ્ટ છે. બાદમાં નિર્ણય તમારો જ છે. કેમકે તમે સરકાર છો. જેમની પાસે તાકાત છે, તેની વાત વધુ હોય છે. આટલાં દિવસોમાં વારંવાર કેટકેટલી ચર્ચા થઈ રહિ છે. એવું લાગે છે કે આ વાતના ઉકેલ લાવવાનું તમારું મન જ નથી. તો સમય શું કામ બગાડી રહ્યાં છો. તમે સ્પષ્ટ શબ્દોમાં લખીને આપી દો, તો અમે જતા રહિશું. ખેડૂતે સરકાર પર આક્ષેપ કર્યો છે કે સરકાર નથી ઈચ્છતી કે આ મુદ્દાનું કોઈ સામાધાન આવે.



ખેડૂતોના જણાવ્યા પ્રમાણે, જ્યાં સુધી કાયદો પાછો નહીં લેવાય ત્યાં સુધી અમે અહીંથી હટીશું નહીં.આ વખતે પણ ખેડૂતોનું સ્ટેન્ડ ક્લીઅર છે. તેમનું કહેવું છે કે ત્રણ ખેડૂત કાયદા રદ કરવામાં આવે અને એમએસપી પર અલગ કાયદો બને. આ પહેલા ગુરુવારે ખેડૂતોએ દિલ્હીને ચારેય બાજુ ટ્રેક્ટર માર્ચ કાઢીને શક્તિ દેખાડી હતી.

આંદોલનના ૪૪માં દિવસે સરકાર અને ખેડૂત વચ્ચે વિજ્ઞાન ભવનમાં વાતચીત ચાલી રહી હતી. કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર, રેલવે મંત્રી પીયૂષ ગોયલ અને વાણીજય રાજય મંત્રી સોમ પ્રકાશની સામે ખેડૂતોએ કૃષિ કાયદા રદ કરવાની માગ ફરી કરી હતી, પરંતુ કૃષિ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં તેનો ઈનકાર કરી દિધો હતો. કૃષિ કાયદાને લાગૂ કરવાનો નિર્ણય કેન્દ્ર હવે રાજયો સરકાર પર છોડી શકે છે. ડેરા નાનકસરના મુખી બાબા લક્ખા સિંહે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર સાથે ગુરુવારે એક મીડિએટર તરીકે મુલાકાત કરી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય મંત્રીએ બાબ લક્ખા સિંહને જણાવ્યું કે, સરકાર હવે એક પ્રસ્તાવ તૈયાર કરી રહી છે, જેમાં રાજ્ય સરકારને કૃષિ કાયદો લાગૂ કરવા અથવા ન કરવાની છૂટ આપવામાં આવશે.

### ટ્રમ્પે વીડિયો સંદેશ જાહેર કરી હિંસાની નિંદા કરી

## ટ્રમ્પના તેવર ઢીલા પડ્યાઃ સત્તાસુકાન વિજેતાને સોંપવા તૈયાર

વોશિંગ્ટન,તા.૮

વિદાય લઈ રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે સવારે વિડિયો મેસેજ રિલિઝ કરીને એવો દાવો કર્યો હતો કે ગુરૂવારે થયેલી હિંસાથી મને ખૂબ દુઃખ થયું હતું. અમેરિકામાં થયેલી હિંસાથી હું વ્યથિત છું.

હિંસાના ચોવીસ કલાક બાદ રિલિઝ કરેલા આ સંદેશામાં ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે હવે મારું ફોકસ સત્તાસુકાન વિજેતાને સોંપવાનું છે. ૨૦ જાન્યુઆરીએ જો બાઈડન સત્તા ગ્રહણ કરશે એ હકીકત પણ તેમણે સ્વીકારી હતી.

અત્રે એ યાદ રહે કે ગુરૂવારે ટ્રમ્પે કરેલા એક ઉશ્કેરણીજનક ભાષણ પછી તેમના હજારો સમર્થકો સેનેટ પર ધસી ગયા હતા અને ત્યાં ભાંગફોડ કરી હતી. અમેરિકી સંસદ પર આ પ્રકારનો હુમલો બસો વર્ષ પછી થયો હતો. આ પ્રસંગે સિક્યોરિટીએ કરેલા ગોળીબારમાં એક મહિલા સહિત કુલ ચાર મરણ થયાં હતાં.

હવે ટ્રમ્પ હિંસા બદલ દિલસોજી વ્યક્ત કરતા હતા. જો કે હવે તો ટ્રમ્પને વીસ જાન્યુઆરી પહેલાંજ પ્રમુખપદેથી ખસેડવાની તૈયારી ચાલી રહી હતી. એ પહેલાં ખુદ ટ્રમ્પના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી સહિત કેટલાક અધિકારીઓએ રાજીનામાં ધરી દીધાં હતાં. સર્વત્ર એવી છાપ પડી હતી કે વ્હાઈટ હાઉસ છોડવું નહોતું માટે ટ્રમ્પે હિંસા કરાવી. ટ્રમ્પે એવો દાવો કર્યો હતો કે જેમણે હિંસા કરી એ સાચા અમેરિકી નાગરિકો નહોતા. હિંસાથી મને ખૂબ દુઃખ થયું હતું. હિંસા થતાં મેં તરત નેશનલ ગાર્ડઝ્ને કામે લગાડી દીધા હતા. અમેરિકા સદૈવ કાયદાના પાલનમાં માનનારો દેશ રહ્યો હતો. વાસ્તવમાં હિંસા પછી કેટલાક ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન સેનેટર્સે ટ્રમ્પ સામે મહાભિયોગ (ઈમ્પીચમેન્ટ અથવા ઠપકો)નું પગલું લઈને એમને હાંકી કાઢવાની તૈયારી આદરી હતી. ઉપપ્રમુખ માઈક પેન્સ આ પગલું લેવા સંમત થયા હતા. એ પગલાની જાણ થતાં ટ્રમ્પે દુઃખી થયાનું નાટક શરૂ કર્યું હતું.

અત્યાર પહેલાં ટ્રમ્પ સતત એવો આક્ષેપ કરતા રહ્યા હતા કે ચૂંટણીમાં મોટે પાયે ગોલમાલ થઈ હતી. કેટલાંક રાજયોમાં મતગણતરી અટકાવવા તેમણે કોર્ટમાં પણ ધા નાખી હતી. પરંતુ એક્કે કોર્ટમાં એ ફાવ્યા નહોતા. ગુરૂવારે કેપિટલ હિલમાં ઈલેક્ટોરલ કૉલેજે જો બાઈડન અને કમલા હેરીસને ઔપચારિક રીતે વિજેતા જાહેર કર્યા હતા. હવે બાઈડન વીસમી જાન્યુઆરીએ વિધિસર સોગન લેશે. બાઈડને ટ્રમ્પની ટીકા કરતાં કહ્યું કે ગુરૂવારની જેમ ટ્રમ્પ શાસને છેલ્લાં ચાર વર્ષના શાસન દરમિયાન અનેક વાર સતત લોકશાહીને લાંછન લાગે એવું વર્તન કર્યું હતું.

### લાહોરની કોર્ટે ફટકારી સજા

## મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ લખવીને ટેરર ફંડિંગ કેસમાં ૧૫ વર્ષની સજા

)લાહોર,તા.૮

પાકિસ્તાનની એક આતંકવાદ વિરોધી અદાલતે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબાના સર્વેસર્વા ઝકી-ઉર-રહેમાન લખવીને ૧૫ વર્ષની જેલની સજા ફટકારી છે. આતંકવાદી લખવી પર દંડ પણ ફટકાર્યો છે. લાહોરની અદાલતે આતંકવાદી ગતિવિધિઓ માટે નાણાં પુરા પાડવાના આરોપમાં લખવીને સજા ફટ્કારી છે. જોકે પાકિસ્તાનની આ કાર્યવાહી માત્ર દેખાડો જ છે. માનવામાં આવી રહ્યું છે કે, FATFની બેઠક પહેલા જ પાકિસ્તાન સરકારે દબાણમાં આવીને લખવીને સજા અપાવી છે. આ લખવી મુંબઈ હુમલા ઉપરાંત ભારતના વિમાનનું અપહરણ કરીને કંદહાર કાંડને અંજામ આપવામાં પણ મોખરે હતો.

લશ્કર-એ-તૈયબાના ઓપરેશનંસ કમાંડર આતંકી ઝકીઉર રહેમાન લખવીને પાકિસ્તાનમાં ૧૫ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. ટેરર ફંડિગ સાથે જોડાયેલા એક મામલામાં ગત થોડા દિવસમાં લખવીને ધરપકડ કરવામાં આવ્યો હતો.

આજે શુક્રવારના રોજ લાહૌર એન્ટી ટેરરિઝ્મ કોર્ટે આતંકવાદી સંગઠન લશ્કર-એઓ-તોયબાના સર્વેસર્વા ઝકી-ઉર-રહેમાન લખવીને ૧૫ વર્ષની જેલની સજા સંભળાવી છે. લાહૌરમાં ઝકીઉર રહેમાન લખવી વિરુદ્ધ ટેરર ફંડિંગનો મામલો નોંધાયેલો હતો. તેના પર આરોપ હતો કે, ડિસ્પેંસરીના નામ પર પૈસા એકઠો કરતો હતો અને તેનો ઉપયોગ આતંકી ગતિવિધિઓમાં કરતો હતો. મુખ્ય રૂપથી તેનો ઉપયોગ આતંકીઓને તૈયાર કરવામાં આ પૈસા લગાવવામાં આવતા હોવાનો પણ આરોપ હતો.



ઝકીઉર રહેમાન લખવીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ આતંકી જાહેર કરવામાં આવ્યો હતો. જે લાંબા સમયથી ધરપકડથી બચીને છૂપાયેલો હતો. પણ હાલમાં જ FATF બેઠક પહેલા પાકિસ્તાને તેના પર એક્શન લઈને જેલમાં નાખ્યો હતો. મુંબઈમાં થયેલા આતંકી હુમલામાં હાફિઝ સઈદની સાથે ઝકીઉર રહેમાન લખવી પણ આરોપી હતો. આ મામલામાં તેને જેલ પણ થઈ હતી. પણ ૨૦૧૫માં તેને જામીન મળતા તે બહાર આવી ગયો હતો. ગત દિવસોની વાત કરીએ તો, તેની ધરપકડ થતાં અમેરિકા પણ રાજી થયુ હતું.



શિયાળુ સત્ર શરૂ થતા પરદેશી પારેવડા સીમ, સીમાડા ઓળંગીને આવી રહ્યા છે પારેવડાઓ ન્યુટ્રલ થઈ શાંતિમય વાતાવરણમાં તરતા માનવ જીવનને ઘણું ખરૂ કહી રહ્યા છે જો માનવી પણ આ પ્રકારનું ન્યુટ્રલને શાંતિમય જીવન બનાવી દે તો સંસાર ઘણો સુખમય બની રહે. દ્વારકા પાસે દરિયા કિનારેથી પરદેશી પારેવડાનું આગમન નજરે પડે છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૬૮૫**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૫૦૫૯૮**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૦૩**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૮૯૨**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૩૮૨૧૪**

## આવનારા થોડા દિવસોમાં જ દેશવાસીઓને મળશે કોરોના રસીઃ ડો.હર્ષવર્ધન

ન્યુ દિલ્હી,તા.૮

દેશમાં કોરોના વાયરસ સામે જલ્દીએક મોટુ રસીકરણ અભિયાન શરૂ થવાનુ છે. જેના માટે મોટાપાયે તૈયારીઓ કરવામાં આવી રહી છે. આજે દેશના ૩૩ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડ્રાય રનનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેનુ નિરીક્ષણ કરવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉક્ટર હર્ષવર્ધને ચેન્નઈની એક હોસ્પિટલમાં પહોંચ્યા. તેમણે અહીં ચાલી રહેલ વેક્સીનની ડ્રાય રન વિશે કહ્યુ કે અમે સુનિશ્ચિત કરી રહ્યા છે કે રાષ્ટ્રીય સ્તરથી લઈને જમીની સ્તર પર દરેક પ્રકારની માહિતી લોકો સુધી પહોંચે. લાખોની સંખ્યામાં આરોગ્યકર્મીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યુ છે અને આ પ્રક્રિયા હજુ પણ ચાલુ છે.



આ દરમિયાન અહીં તમિલનાડુના આરોગ્ય મંત્રી ડૉક્ટર સી વિજયભાસ્કર પણ હાજર રહ્યા. ડૉક્ટર હર્ષવર્ધને કહ્યુ કે ખૂબ ઓછા સમયમાં જ ભારતે વેક્સીન વિકસિત કરીને સારુ પ્રદર્શન કર્યુ. આવનારા થોડા દિવસોમાં જ ભવિષ્યમાં આપણે આ વેક્સીન દેશવાસીઓને આપવામાં સક્ષમ થઈશુ. આ આપણા આરોગ્યકર્મીઓ બાદ ફ્રંટલાઈન કર્મીઓને આપવામાં આવશે. તેમણે કહ્યુ કે અમે ૨ જાન્યુઆરીએ દેશના લગભગ ૧૨૫ જિલ્લાઓમાં ડ્રાય રન આયોજિત કરી હતી અને આજે એક વાર ફરીથી આને ત્રણ રાજયોને છોડીને દેશભરમાં આયોજિત કરવામાં આવી રહી છે. આ રાજયોમાં પહેલેથી ડ્રાય રનનુ આયોજન કરવામાં આવી ચૂક્યુ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ કહ્યુ કે આરોગ્યના ક્ષેત્રમાં કામ કરતી એનજીઓને અનુરોધ કરવામાં આવે છે કે તે કોવિડ-૧૯ રસીકરણને સુગમતાથી ચલાવવા અને સર્વોત્તમ સંભવ તરીકે લાભાર્થીઓને જોડવામાં મદદ કરે. આ સાથે જ ૧૭ જાન્યુઆરીએ પોલિયો માટે ત્રણ દિવસીય રાષ્ટ્રીય ઈમ્યુનાઈજેશન ડ્રાઈવનુ આયોજન કરવામાં આવશે. આ ખાસ કરીને પોલિયો સાથે સંબંધિત આપણા દેશના સમગ્ર પ્રતિરક્ષા સ્તરને જાળવવા માટે જરૂરી છે.

### અમે આતંકવાદ સામે લડવામાં સૌથી આગળઃ ભારત

## સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ત્રણ મુખ્ય સહાયક એકમોની ભારત અધ્યક્ષતા કરશે




યુએન,તા.૮

ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ત્રણ મુખ્ય સહાયક એકમોની અધ્યક્ષતા કરશે. જેમાં તાલિબાન પ્રતિબંધ સમિતિ, આતંકવાદ વિરોધી સમિતિ(૨૦૨૨ માટે) અને લીબિયા પ્રતિબંધ સમિતિ શામેલ છે. આની માહિતી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટીએસ તિરુમૂર્તિએ આપી છે. ટીએસ તિરુમૂર્તિએ શુક્રવારે (૮ જાન્યુઆરી)એ કહ્યુ છે કે જયારે લીબિયા અને શાંતિ પ્રક્રિયા પર આંતરરાષ્ટ્રીય ધ્યાન કેન્દ્રીત હશે ત્યારે ભારત એક મહત્વપૂર્ણ વળાંક પર લીબિયા પ્રતિબંધ સમિતિની ખુરશીને સંભાળશે. ટીએસ તિરુમૂર્તિએ કહ્યુ, ભારત ૨૦૨૨માં યુએનએસસીની આતંકવાદ વિરોધી સમિતિની પણ અધ્યક્ષતા કરશે. આ સમિતિની અધ્યક્ષતા ભારત માટે એક વિશેષ પ્રતિનિધિત્વ છે. જે સીમાપારના આતંકવાદ સામે લડવામાં સૌથી આગળ છે અને આતંકવાદના સૌથી મોટા પીડિતોમાંનો પણ એક છે. ટીએસ તિરુમૂર્તિએ કહ્યુ કે તાલિબાન પ્રતિબંધ સમિતિ હંમેશાથી ભારત માટે પ્રાથમિકતા રહી છે. તેમણે કહ્યુ કે તાલિબાન પ્રતિબંધ સમિતિ હંમેશાથી અફઘાનિસ્તાનના શાંતિ, સુરક્ષા, વિકાસ અને પ્રગતિ માટે આપણા મજબૂત હિત અને પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને ભારત માટે પહેલી પ્રાથમિકતા છે.

ભારત ઓગસ્ટ ૨૦૨૧માં અને પછી ૨૦૨૨માં યુએનએસસીની અધ્યક્ષતા કરશે. યુએનએસસીની અધ્યક્ષતા દરેક સભ્ય દ્વારા એક મહિના માટે કરવામાં આવે છે. ભારત ઉપરાંત કેન્યા, મેક્સિકો, આયરલેન્ડ અને નૉર્વે બિન સ્થાયી સભ્ય તરીકે યુએનએસસીમાં શામેલ થયા છે.

આ દરમિયાન ભારતનો તિરંગો ન્યૂયોર્ક સિટીના સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં આ સપ્તાહથી લહેરાવા લાગ્યો છે. ટીએસ તિરુમૂર્તિએ કહ્યુ હતુ કે આ મારા દેશ માટે અને મારા પ્રતિનિધિમંડળ માટે ગર્વની ક્ષણ છે.

## તંત્રી સ્થાનેથી...

### સત્તા મોહાધ ડોનાલ્ડ ટ્રમ્પને કપાળે આખરે કાળી ટીલી કેમ.....?!

જગત જમાદાર ગણાતા મહાન લોકશાહી દેશ અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હાર થતાં સત્તા મોહાન્ધ બનેલા ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના રાષ્ટ્રપતિપદના અંતિમ સમયમાં અમેરિકાને વિશ્વભરમાં બદનામી આપવા સાથે ટ્રમ્પ પોતે હાસ્યાસ્પદ બની ગયા.કારણ રાષ્ટ્રપતિ પદ છોડનારા પૂર્વ રાષ્ટ્રપતિઓ સર્વશ્રી જીમી કાર્ટર,બિલ ક્લિન્ટન, જ્યોર્જ બુશ, અને ઓબામાએ ટ્રમ્પ અને તેમના તોફાની સમર્થકોને જાટકણી કાઢવી પડી. તે સાથે તેઓએ ટ્વિટર સહિતના માધ્યમોથી કહ્યું કે આવું વર્તન આખા દેશનું,લોકશાહીનુ અને લોકશાહી દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું અપમાન છે. તેઓએ એવું સ્પષ્ટ લખ્યું છે કે પરિણામો સ્પષ્ટ આવ્યા છે પરંતુ ટ્રમ્પ કાલ્પનિક દુનિયામાં જીવે છે... વાસ્તવિકતાથી દૂર ભાગે છે. ચૂંટણી પરિણામોથી નિરાશા થાય પરંતુ તોફાનો ન કરતા મતદારોનો ચુકાદો સ્વીકારવો જોઈએ. એક વ્યક્તિ કરતા દેશ મહાન છે માટે હાર સ્વીકારો. આવુ પૂર્વ રાષ્ટ્રપતિએ ત્યારે કહેવું પડ્યું કે જ્યારે ત્યાંની સંસદમાં અમેરિકાના ચૂંટાયેલા નવા રાષ્ટ્રપતિ જો બાઈડનની જીતને સત્તાવાર સમર્થન આપવાની બંધારણીય પ્રક્રિયા કરવામા આવી રહી હતી.... ત્યારે ટ્રમ્પે કરેલી ઉશ્કેરણીથી ટ્રમ્પ સમર્થકોએ સંસદ પર હુમલો કરી સંસદ ભવનમાં ઘુસી ગયા હતા. આખરે પોલીસને ગોળીબાર કરવા સાથે ધરપકડો શરૂ કરવી પડી જે ધમાસણ ચાર કલાક સુધી ચાલ્યું હતું. ત્યારબાદ સંસદની બેઠક મળી જેને જો બાઈડનને પ્રમુખ તરીકે અને કમલા હેરિસને ઉપપ્રમુખ તરીકેની જીતને સત્તાવાર માન્યતા આપી. આખરે પણ ટ્રમ્પ પણ સમજી ગયા અને જો બાઈડનને સત્તા સોંપવા સંમતિ આપી હતી....આ સંમતિ આપવાનું કારણ એવું કહેવાય છે કે અમેરિકી સંસદના બંધારણના એમેન્ડમેન્ટ ૨૫ મુજબ ટ્રમ્પ સામે કાર્યવાહી કરવા તૈયારી કરી રહી છે....જ્યારે કે વિશ્વભરમાં અમેરિકામાં ટ્રમ્પના બળવાની ઘટનાને લઇને બ્રિટિશ વડાપ્રધાન.ફ્રાન્સના પ્રમુખ, ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન, રાષ્ટ્રસંઘના મહા સચિવ અને આપણા ભારતના વડાપ્રધાને શાંતિથી બંધારણ અનુસાર સત્તા હસ્તાતરણ કરવા સાથે હળવાશભરી પ્રતિક્રિયાઓ વ્યક્ત કરી હતી.....!"

વડાપ્રધાન મોદીજીએ અમેરિકાની ઘટના બાબતે તીખી પ્રક્રિયા આપવા સાથે એવું પણ કહ્યું કે ગેરકાનૂની વિરોધ દ્વારા લોકશાહી પ્રક્રિયાને ખોરવી ન નખાય અને એ ચલાવી પણ ન લેવાય... આ પ્રતિક્રિયાના પડઘા રાજકીય ક્ષેત્રે અને આંદોલન કરતા ખેડૂતોમાં પણ પડ્યા છે... પીએમએ અમેરિકાના બહાના તળે ખેડૂત આંદોલનને ગેરકાયદેસર વિરોધ કરવામાં આવી રહ્યાનું ગણાવી તેને ખતમ કરી દેવા છે તેવો સંકેત આપી દીધો છે....!! કારણ કે ભાજપના અનેક નેતાઓએ ખેડૂત આંદોલનને ગેરકાયદેસર બતાવી ચૂક્યા છે જોકે રાજનાથસિહ જેવા કેટલાક નેતાઓ આ બાબતથી દૂર છે.... પરંતુ નોંધનીય બાબત એ છે કે કૃષિ બાબતો નિર્ણયો લેવાની સત્તા રાજ્ય સરકારોની છે....જ્યારે કે નવા કૃષિ કાનૂન કેન્દ્ર સરકારે બનાવ્યા છે... બે દિવસ પહેલા પંજાબ હરિયાણા સહિતના રાજ્યોમાં ખેડૂતોની વિશાળ ટ્રેક્ટર રેલી નીકળી હતી જેમા ૨૫ હજારથી વધુ ટ્રેક્ટરો જોડાયા હતા અને તે પણ વિવિધ ૫ વિસ્તારોમાંથી કુચ રેલીઓ નિકળી હતી.... પરંતુ નોંધનીય બાબત એ હતી કે મહિલાઓ ખુદ ટ્રેક્ટર ચલાવી કૃષિ કાનુનો રદ કરવાની-વિરોધ કરવાના શક્તિ પ્રદર્શન રેલીમાં જોડાઈ હતી. આ રેલીઓ સિન્ધુ બોર્ડર, ગાજીપુર બોર્ડર, બહાદુરપુર બોર્ડર, પનવેલ, ગાઝા વગેરે વિસ્તારોમાં શાંતિથી ત્રિરંગા ઝંડાઓ સાથે સૂત્રો પોકારતી ફરી હતી..... ખેડૂત સંગઠનોની સરકાર સાથે બેઠક યોજાવાની છે તે પહેલાં જ ખેડૂતોનું શક્તિપ્રદર્શન યોજાયું હતું..ટ્રેક્ટર કુંડમાં જોડાયેલા અનેક ખેડૂતોએ કહ્યું હતું કે નવા કૃષિ કાનુન પરત નહીં ખેચાય ત્યા સુધી આંદોલન ચાલુ રહેશે. આ અગાઉ ખેડુત સંગઠનોએ જાહેર કરેલ છે કે કૃષિ કાનુન પરત નહીં ખેચાય તો આગામી ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસે ખેડૂતોની વિશાળ ટ્રેક્ટર રેલી તિરંગા ઝંડાઓ સાથે નીકળશે..... અને આ બાબતથી સરકાર ચિન્તામાં આવી ગઈ છે....!! કારણ સરકારની જીદ કૃષિ કાનુનો પરત નહીં ખેંચવાની છે....!? જેથી હવે સરકાર સાથે યોજાનાર બેઠકમાં સમાધાન થવાની શક્યતા નહીવત દેખાય છે....!? બીજી તરફ સુપ્રીમ કોર્ટમાં ખેડૂત આંદોલન સંદર્ભે દાખલ થયેલ વિવિધ અરજીઓ અનુસંધાને સુપ્રીમ કોર્ટે ચિંતા જતાવી છે કે આંદોલનને કારણે કોરાના વધુ ન ફેલાય તે સાથે એવું પણ કહ્યું કે સરકારના પ્રયાસોમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી... ત્યારે હવે રાહ જોવી રહી ..... આગામી ખેડૂતો સાથે સરકારની બેઠકની.....!?

## ચીન-પાકિસ્તાનને મોટો ફટકો: કાશ્મીર મુદ્દે ફ્રાન્સે ભારતને સમર્થન જાહેર કર્યું

પેરિસ,તા.૮

ઈસ્લામિક આતંકવાદની વિરૂદ્ધ અવાજ ઉઠાવનાર ફ્રાન્સએ કાશ્મીરના મુદ્દા પર ભારતનું ખૂલીને સમર્થન કર્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિના સલાહકારે ગુરૂવારના રોજ કહ્યું કે ફ્રાન્સ કાશ્મીર મુદ્દા પર ભારતનું સમર્થક રહ્યું છે. ફ્રાન્સ અને ભારતની વચ્ચે રણનીતિક વાર્ષિક સંવાદ માટે ભારત પ્રવાસે આવેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુઅલ મેક્રોંના કૂટનીતિક સલાહકાર ઈમેનુઅલ બોનએ ચીન પર નિશાન સાંધતા કહ્યું કે ફ્રાન્સે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ચીનને કોઈપણ 'પ્રકિયાગત રમત' રમવાની મંજૂરી આપી નથી.

ઈમેનુઅલ મેક્રોંના કૂટનીતિક સલાહકાર ઈમેનુઅલ બોન એ કહ્યું કે ચીન જયારે નિયમ તોડે છે તો આપણે ખૂબ જ મજબૂત અને ખૂબ જ સ્પષ્ટ થવું પડશે. હિન્દ મહાસાગરમાં આપણી નૌસેનાની હાજરીની પણ આ જ ભાવના છે. બોન એ કહ્યું કે ફ્રાન્સ 'ક્વાડ' (અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા, અને ભારતનું ગ્રૂપ)ની નજીક છે અને ભવિષ્યમાં તેમની સાથે કેટલાંક નૌસૈનિક અભ્યાસ પણ કરી શકે છે.

ફ્રાન્સીસ નૌસેનાના તાઈવાન સ્ટેટમાં પેટ્રોલિંગ કરનાર એકમાત્ર યુરોપીયન નૌસેનાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે આ ઉશ્કેરવા માટે નથી પરંતુ આંતરરાષ્ટ્રીય નિયમોનું પાલન કરવું ફરજીયાત છે તેના પર જોર આપવા માટે કર્યું છે. બોન એ આગળ કહ્યું કે આપણ સંઘર્ષ તરફ આગળ વધવું જોઈએ નહીં, આપણે સંતુલન બનાવી ચાલવાનું છે, જેથી કરીને બધું શાંતિથી થઈ શકે.

### નિફ્ટી ૨૧૦ના અંક વધારા સાથે ૧૪,૩૪૭ પર બંધ

## શેરબજારમાં જબરદસ્ત ઉછાળો, સેન્સેક્સ ૬૮૯ પોઈન્ટ પ્લસ સાથે બંધ

મુંબઇ,તા.૮

સ્થાનિક શેરબજારમાં આજે બંધ થતા ઉછાળો જોવા મળ્યો છે. તેથી શેરબજારમાં રેકોર્ડ સ્તર વધારો થયો છે. જેમાં સેન્સેક્સ +૬૮૯.૧૯ પોઇન્ટ એટલે ૧.૪૩% ટકાના વધારા સાથે ૪૮,૭૮૨.૫૧ પર બંધ થયો છે. તેમજ નિફ્ટી +૨૦૯.૯૦ પોઇન્ટ એટલે ૧.૪૮% ટકાના વધારા સાથે ૧૪,૩૪૭.૨૫ પર બંધ રહી છે.

દિગ્ગજ શેરોની વાત કરીએ તો આજે મારુતિ, ટેક મહિન્દ્રા, વિપ્રો, યુપીલ અને ઈંફોસિસના શેરમાં લીલા નિશાન બંધ થયા છે. તેમજ ભારતી એરટેલ, હિંડાલ્કો, ઈન્ડસઈન્ડ બેક્ર, ટાટા સ્ટીલ અને ગેલના શેર લાલ નિશાન પર બંધ રહ્યા છે. સેક્ટોરલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો આજે મેટલ અને પીએસયૂ બેક્રના સિવાય બધા સેક્ટર લીલા નિશાન પરે બંધ થયા છે. જેમાં એફએમસીજી, આઈટી, ફાર્મા, બેક્ર, રિયલ્ટી, મીડિયા, પ્રાઈવેટ બેક્ર, ફાઈનાન્સ સર્વિસિસ અને ઓટો પણ સામેલ છે.

ટેક મહિન્દ્રા ૫.૬૪ ટકા વધીને ૧૦૫૦.૯૫ પર બંધ રહ્યો હતો. જોકે ઈન્ડસઈન્ડ બેક્ર, ભારતી એરટેલ, એસબીઆઇ, આઈટીસી, એચડીએફસી સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. ઈન્ડસઈન્ડ બેક્ર ૧.૩૭ ટકા ઘટીને ૯૩૯.૦૫ પર બંધ રહ્યો હતો. ભારતી એરટેલ ૦.૯૩ ટકા ઘટીને ૫૪૦.૨૫ પર બંધ રહ્યો હતો.

અમેરિકાના બજારોમાં રેકોર્ડ તેજીના પગલે આજે એશિયાઈ બજારોમાં પણ તેજી છે. દક્ષિણ કોરિયાનો કોપ્સી ૨.૭૫ ટકા ઉપર કારોબાર કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ૧.૨૫ ટકા અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૧.૭૫ ટકા પર કારોબાર કરી રહ્યો છે. બીજી તરફ ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે. જ્યારે ગુરુવારે અમેરિકાના બજારોમાં નેસ્ડેક ઈન્ડેક્સ ૨.૫૬ ટકા અને એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ ૧.૪૮ ટકા ઉપર બંધ થયો હતો. આ સિવાય યુરોપના બજારોમાં પણ વધારો નોંધાયો હતો.

ગઈકાલે સેન્સેક્સ દિવસના ઉચ્ચતમ સ્તરથી ૪૬૫.૦૨ અંક ઘટી ૪૮,૦૯૩.૩૨ પર બંધ થયો હતો. નિફ્ટી ઈન્ડેક્સ પણ ૮.૯૦ અંક ઘટી ૧૪૧૩૭.૩૫ પર બંધ થયો હતો. ઈન્ડેક્સમાં નેસ્લે ઈન્ડિયાનો શેર ટોપ લૂઝર રહ્યો. શેર ૨.૦૪ ટકા ઘટી ૧૮૧૩૭ પર બંધ થયો હતો. ઓવરઓલ માર્કેટમાં રોકાણકારોએ ગુરુવારે બ્રોડર માર્કેટ એટલે કે મિડકેપ અને સ્મોલ કેપ શેરમાં ખરીદી કરી હતી.

### લોટરી સિસ્ટમને બદલે સેલરી એન્ડ સ્કીલ્સ લાગુ પાડશે

## H-1B વીઝામાં અમેરિકા ફેરફાર કરશે, હજારો ભારતીયોને અસર થશે

**અમેરિકાની આઈટી કંપનીઓ દર વર્ષે હજારો ભારતીય નિષ્ણાતોને એચ-૧બી વિઝા પર નિમણૂક આપે છે**

*વોશિંગ્ટન,તા.૮*



અમેરિકાએ એચ-૧બી વિઝા નિયમો માટેની પ્રક્રિયામાં બદલાવ કરવાની જાહેરાત કરી છે. નવી પ્રક્રિયા અંતર્ગત યુએસમાં કામકાજ માટેના પ્રચલિત એચ-૧બી વિઝા ફાળવણી માટે હાલની લોટરી સિસ્ટમને બદલીને પગાર તેમજ કુશળતા (સેલેરી અને સ્કિલ)ને પ્રાધાન્ય અપાશે. અધિકારીઓના જણાવ્યા મુજબ વિઝા માટેના અંતિમ નિયમ ૮ જાન્યુઆરીના ફેડરલ રજિસ્ટરમાં પ્રકટ થશે. વિઝા પ્રક્રિયામાં ફેરફારનો ઉદ્દેશ અમેરિકામાં શ્રમિકોના આર્થિક હિતોની સુરક્ષા કરવાનો છે. સાથે જ અસ્થાયી રોજગાર કાર્યક્રમથી ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી કર્મચારીઓ પણ લાભ થાય તે સુનિશ્ચિત કરવાનો હેતુ છે.

એચ-૧બી વિઝા નોન-ઈમગ્રન્ટ વિઝા છે, જે અમેરિકાની કંપનીઓને વિદેશથી આવતા કર્મચારીઓને વિશેષ હોદ્દા પર નિમણૂક કરવા માટે મંજૂરી આપે છે. યુએસની આઈટી કંપનીઓ આ વિઝાના આધારે દર વર્ષે ભારત તેમજ ચીનથી હજારોની સંખ્યામાં કર્મચારીઓને રોજગારી પુરી પાડે છે. યુએસ સિટિઝન એન્ડ ઈમિગ્રેશન સર્વિસે જણાવ્યા મુજબ, એચ-૧બી વિઝા પસંદગી પ્રક્રિયામાં સંશોધનથી નોકરીદાતાઓને ઉચ્ચ વેતન તેમજ ઉચ્ચ પદ માટે જાહેરાત આપવામાં પ્રોત્હાસન મળશે. સાથે જ કંપનીઓને જરૂરિયાત મુજબ કર્મચારીઓને રાખવા તેમજ કંપનીને વૈશ્વિક સ્તરે પ્રતિસ્પર્ધી કાયમ રાખવાનો માર્ગ મોકળો થશે.

ફેડરલ રજિસ્ટરમાં અંતિમ નિયમ પ્રકાશિત થયાના ૬૦ દિવસમાં તે અમલમાં આવશે. એચ-૧બી વિઝા કાર્યક્રમ માટે આગામી ૧લી એપ્રિલથી અરજી કરી શકાશે. યુએસસીઆઈએસના ડેપ્યુટી ડાયરેક્ટર ફોર પોલિસી જોસેફ એડલોએ જણાવ્યું કે, એચ-૧બી વિઝા કાર્યક્રમનો નોકરીદાતાઓ દુરૂપયોગ કરી રહ્યા છે. તેમનો ખર્ચ ઘટાડવા અને પ્રાથમિક સ્તરના પદે નિમણૂ કરવા માટે આનો ઉપયોગ કરવામાં આવે છે.

## પહેલા વડાપ્રધાન મોદી લગાવે કોરોના વેક્સીન, પછી અમે લગાવડાવીશું: તેજ પ્રતાપ

પટના,તા.૮

ચીનના વુહાનથી શરૂ થયેલ કોરોના વાયરસ સમગ્ર ભારતમાં ફેલાઈ ચૂક્યો છે. જો કે નવા વર્ષમાં એક રાહતના સમાચાર આવ્યા જ્યાં ડીસીજીઆઈની સીરમ ઈન્સ્ટીટ્યુટ અને ભારત બાયોટેકની વેક્સીનના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી દેવામાં આવી છે. એવામાં જલ્દી દેશભરમાં રસીકરણ શરૂ થઈ જશે. કોરોના વેક્સીન માટે રાજનીતિ પણ જોરદાર થઈ રહી છે. અખિલેશ યાદવ બાદ હવે રાજદ નેતા અને લાલુ યાદવના પુત્ર તેજપ્રતાપે કોરોના વેક્સીન માટે એક માંગ સરકાર સામે કરી છે. તેજ પ્રતાપ યાદવના જણાવ્યા મુજબ કોરોના વાયરસની જે વેક્સીનને મંજૂરી મળી છે તેની સાથે તેમને કોઈ વાંધો નથી પરંતુ વેક્સીન લગાવતા પહેલા તેમની એક શરત છે જે પીએમ મોદી પૂરી કરી શકે છે. તેમણે કહ્યુ કે કોરોના વાયરસની જે વેક્સીનને મંજૂરી મળી છે તેને જો પીમ મોદી લગાવી લે તો તે પણ લગાવી લેશે. તેજ પ્રતાપે નીતિશ સરકાર પર પણ નિશાન સાધ્યુ. તેમણે કહ્યુ કે બિહારમાં કાયદો-વ્યવસ્થાનુ રાજ ખતમ થઈ ગયુ છે અને ત્યાં સરકાર નામની કોઈ વસ્તુ નથી.

## અમેરિકા સરકારમાં ભારતીય મૂળના વનિતા ગુપ્તા એસોસિએટ એટર્ની જનરલ પદે નિયુક્ત



ન્યુ દિલ્હી,તા.૮

અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયેલા જો બાઈડને ન્યાય વિભાગના મહત્વપૂર્ણ પદો પર નિમણૂંક કરવાની જાહેરાત કરી છે. આ લોકોમાં ભારતીય અમેરિકન વનિતા ગુપ્તાનું નામ પણ છે. વનિતા ગુપ્તાને એસોસિએટ એટર્ની જનરલ તરીકે નિમ્યા હતા.

યુએસ સરકારમાં ભારતીય મૂળની વનિતા ગુપ્તા એસોસિએટ એટોર્ની જનરલના પદ પર નિયુક્તિ કરવામાં આવી છે. વનિતા ગુપ્તા કાયદાના અભ્યાસુ છે. ભારતીય મૂળના અમેરિકન વનિતા ગુપ્તા ૩૮ આફ્રિકી અમેરિકનને છોડાવવાના કેસમાં પ્રકાશમાં આવ્યા હતા. આ કેસમાં ૩૮ લોકો ડ્રગ્સના ખોટા કેસમાં ફસાવ્યા હતા, જેમને વનિતા ગુપ્તાએ મદદ કરી હતી. આ કેસમાં ૬૦ લાખ ડોલરની રકમ પણ અપાઈ હતી. અમેરિકામાં નાગરિકોના અધિકારો પર કામગીરી તેઓ કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોના હંગામાની વચ્ચે કોંગ્રેસના બન્ને સદનોમાં આજે જો બાઈડન અને કમલા હેરિસની જીત પર મોહર લાગી છે. અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયેલા જો બાઈડને ભારતીય અમેરિકન વનિતા ગુપ્તાને એસોસિએટ એટર્ની જનરલ તરીકે નિમ્યા હતા અને એટર્ની જનરલ માટે જજ મેરિક ગારલેન્ડની પસંદ કર્યા હતા. હવે ૨૦મી જાન્યુઆરીએ જો બિડેન દેશના ૪૬માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. બીજી બાજુ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રથમ વખત પોતાની હાર સ્વીકારી અને સત્તાના વ્યવસ્થિત સ્થાનાંતરણ વિશે જણાવ્યું છે. કોંગ્રેસના સંયુક્ત સત્રમાં ૩ નવેમ્બરે ચૂંટણીમાં રાષ્ટ્રપતિ બોર્ડેન અને ઉપપ્રમુખ પદ માટે કમલા હેરિસની જીતની પુષ્ટિ કરવામાં આવી છે.

## ૨૦૨૦માં યુરોપ સૌથી ગરમ વર્ષ રહ્યું: ગ્લોબર વોર્મિંગનો રિપોર્ટ

બર્લિન,તા.૮

ગ્લોબલ વોર્મિંગની અસર ભારત અને ચીનમાં જ નહીં પરંતુ સમગ્ર દુનિયામાં જોવા મળી રહી છે, યુરોપિયન યુનિયનની ગ્લોબલ વોર્મિંગની એલર્ટ સર્વિસ દ્વારા શુક્રવારે પ્રકાશિત કરાયેલા નવા આંકડાં અનુસાર ૨૭ દેશોવાળા સંગઠન માટે ૨૦૨૦ સૌથી ગરમ વર્ષ રહ્યું, આંકડામાં કહેવામાં આવ્યું છે કે ગ્લોબલ વોર્મિંગ સંબંધિત રેકોર્ડનાં આંકડા રાખવાની શરૂઆત થઇ છે, ત્યારથી વર્ષ ૨૦૨૦ યુરોપિયન યુનિયન માટે સૌથી ગરમ નોંધાયું.

યુરોપિયન યુનિયનની કોપરનિક્સ ક્લાયમેટ ચેન્જ સર્વિસે કહ્યું કે યુરોપમાં ગત વર્ષનાં તાપમાને ૦.૪ ડિગ્રી સેલ્સિયસની વૃધ્ધીની સાથે વર્ષ ૨૦૧૯નાં તાપમાનનાં રેકોર્ડને તોડી નાખ્યો. વિશ્વમાં તાપમાનમાં વૃધ્ધી ગ્રીન હાઉસ ગેસનાં ઉત્સર્જનમાં વૃધ્ધીનાં કારણે થઇ રહી છે, જેમાં સૌથી મુખ્ય કાર્બન ડાયોક્સાઇડ છે. આંકડા અનુસાર વર્ષ ૨૦૨૦ પુર્વ ઔધ્યોગિક કાળ ૧૮૫૦-૧૯૦૦નાં તાપમાનની તુલનમાં ૧.૨૫ સેન્ટિગ્રેડ વધુ ગરમ રહ્યું. જો કે જે પ્રકારે ગ્લોબલ અન્વાર્યર્મેન્ટ બદલાઇ કહ્યું છે, જેનાથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ૨૦૨૧માં કાંઇ સામાન્ય થવાનું નથી, જે પ્રકારે ગ્લોબલ વોર્મિંગ અને ગ્લેશિયરો પિગળી રહ્યા છે, તેનાથી એ જ લાગે છે કે વર્ષ ૨૦૨૧ પણ ગરમ વર્ષોની યાદીમાં આવી શકે છે, યુરોપમાં પણ વર્ષ પ્રતિ વર્ષ ગરમીમાં વૃધ્ધી થઇ રહી છે.

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ: સોનું રૂ.૭૦૨ અને ચાંદી રૂ.૧,૪૪૬ તૂટ્યા

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૮૦૨૦૩ સોદામાં રૂ.૧૮૬૩૪.૨૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૨ અને ચાંદી કિલોદીઠ રૂ.૧,૪૪૬ તૂટ્યા હતા. તમામ બિનલોહ ધાતુઓ પણ ઘટીને ટ્રેડ થઈ રહી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, સીપીઓ અને મેન્થા તેલમાં સુધારા સામે રબરમાં નરમાઈ હતી.

કોમોડિટી ઈન્ડેક્સમાં એમસીએક્સ બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૯૦૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૫,૯૨૦ અને નીચામાં ૧૫,૬૪૫ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે ૨૧૩ પોઈન્ટ ઘટી ૧૫,૭૪૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૪,૦૭૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે ૮૭ પોઈન્ટ ઘટી ૧૪,૦૧૬ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૯૮૧૩૦ સોદાઓમાં રૂ.૧૧૫૦૭.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૭૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૭૯૯ અને નીચામાં રૂ.૫૦૦૦૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦૨ ઘટીને રૂ.૫૦૨૦૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૨૨ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૪૦૩૯૬ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૫ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૫૦૨૨ થયા હતા, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪૯ ઘટીને બંધમાં રૂ.૫૦૨૬૯ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૯૬૯૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૯૮૨૫ અને નીચામાં રૂ.૬૭૩૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૪૬ ઘટીને રૂ.૬૮૫૧૬ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૪૩૦ ઘટીને રૂ.૬૮૪૭૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૧૪૩૮ ઘટીને રૂ.૬૮૪૬૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૬૯૫ સોદાઓમાં રૂ.૨૨૮૩.૬૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૭૪૯ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૭૫ અને નીચામાં રૂ.૩૭૩૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮ વધીને રૂ.૩૭૬૬ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૮૭૫ સોદાઓમાં કુલ રૂ.૩૫૫.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જાન્યુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૨૩૦ અને નીચામાં રૂ.૨૧૦૪૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૦ વધીને રૂ.૨૧૧૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૮૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૯ વધીને બંધમાં રૂ.૯૯૩.૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૩.૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૨ અને નીચામાં રૂ.૯૯૩.૧ રહી, અંતે રૂ.૯૯૬.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૧૪.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૨૦.૫ અને નીચામાં રૂ.૧૨૧૪ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪.૦૦ વધીને રૂ.૧૨૧૮ ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૫,૬૫૦ના સ્તરે ખૂલી, ઊપરમાં રૂ.૧૫,૬૮૯ અને નીચામાં રૂ.૧૫,૩૭૦ બોલાઈ અંતે રૂ.૫૭ ઘટી રૂ.૧૫,૪૨૧ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૭૯૭૨ સોદાઓમાં કુલ રૂ.૫૨૯૩.૫૦ કરોડની કીમતનાં ૧૦૫૦૪.૫૩૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૬૦૧૫૮ સોદાઓમાં કુલ રૂ.૬૨૧૪.૨૧ કરોડ ની કીમતનાં ૯૦૪.૭૯૬ ટન, ક્રૂડ તેલમાં ૫૪૫૧ સોદાઓમાં રૂ.૨૮૮.૧૦ કરોડનાં ૭૬૭૧૦૦ બેરલ્સ, કોટનમાં ૪૨૫ સોદાઓમાં રૂ.૨૮.૬૪ કરોડનાં ૧૩૫૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૩૭૪ સોદાઓમાં રૂ.૩૨૩.૩૦ કરોડનાં ૩૨૭૪૦ ટન, મેન્થા તેલમાં ૨૯ સોદાઓમાં રૂ.૩.૧૩ કરોડનાં ૩૧.૩૨ ટન, કપાસમાં ૧૮ સોદાઓમાં રૂ.૪૩.૭૯ લાખનાં ૭૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૫૮૭૫.૯૯૯ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૮૦.૬૯૬ ટન, ક્રૂડ તેલમાં ૨૬૭૧ બેરલ્સ, કોટનમાં ૧૩૦૭૨૫ ગાંસડી, સીપીઓમાં ૮૫૬૩૦ ટન, મેન્થા તેલમાં ૧૫૩.૩૬ ટન અને કપાસમાં ૨૬૦ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૯ અને નીચામાં રૂ.૪૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૭ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૦ અને નીચામાં રૂ.૨૬૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૬૫.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૩૦૨૫.૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૨૫.૫ અને નીચામાં રૂ.૨૨૮૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૩૯૩.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૧૧૪૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૭૪૯ અને નીચામાં રૂ.૧૧૧૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૪૯૭.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૨૪.૬ ખૂલી, ઊપરમાં રૂ.૧૪૨ અને નીચામાં રૂ.૧૨૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૭.૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૮૬ અને નીચામાં રૂ.૬૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૪.૨ બંધ રહ્યો હતો.

# જેપી નડ્ડાએ વસુંધરાને બાદ કરતા તમામ ભાજપ નેતાઓને દિલ્હી બોલાવતાં અનેક તર્ક-વિતર્ક

ન્યુ દિલ્હી,તા.૮

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ આજે રાજસ્થાન ભાજપના નેતાઓને દિલ્હી બોલાવ્યા છે. તેને લઇ રાજસ્થાનમાં રાજકીય ગલિયારામાં ચર્ચા તેજ થઇ ગઇ છે. જેપી નડ્ડાને મળવા માટે પ્રદેશ અધ્યક્ષ સતીશ પૂનિયા, વિપક્ષના નેતા ગુલાબચંદ કટારિયા અને વિધાનસભામાં વિપક્ષના ઉપનેતા રાજેન્દ્ર રાઠૌર દિલ્હી પહોંચ્યા છે. સૌથી અગત્યની વાત એ છે કે રાજસ્થાનના રાજકારણ સાથે જોડાયેલી આ બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેને બોલાવ્યા નથી. અચાનક જેપી નડ્ડા એ આ નેતાઓને બોલાવીને કેટલાંય પ્રકારના અટકળો વહેવા લાગી છે. ગઇ વખતે જ્યારે આ લોકો મળવા માટે ગયા હતા ત્યારે રાજસ્થાનમાં કોંગ્રેસમાં રાજકીય સંકટ શરૂ થયું હતું.

ફરી એકવખત મળવા ગયા છે ત્યારે લોકોમાં ચર્ચા શરૂ થઇ ગઇ છે કે આખરે જેપી નડ્ડા એ રાજસ્થાનના આ ત્રણેય મોટા નેતાઓને દિલ્હી કેમ બોલાવ્યા છે? કહેવાય છે કે જેપી નડ્ડાની સાથે આ મીટિંગ બાદ રાજસ્થાન સરકારને તોડવા ભાજપ પ્રદેશના રાજકારણમાં કોઇ મોટો ફેરફાર કરી શકે છે.


જો કે પ્રદેશ અધ્યક્ષ સતીશ પૂનિયા એ કહ્યુ કે આ સામાન્ય બેઠક છે અને રાજસ્થાનમાં વિધાનસભાના ત્રણ પેટા ચૂંટણી થવાની છે. આ સિવાય સ્થાનિક ચૂંટણીઓ થવાની છે તેની તૈયારીઓના સિલસિલામાં આ બેઠક બોલાવી છે.

આ બેઠકમાં વસુંધરા રાજેને બોલાવ્યા નથી તો તેના પરથી એ સંદેશ સ્પષ્ટ થઇ ગયો છે કે રાજસ્થાન ભાજપના રાજકારણમાં હવે વસુંધરા રાજના દિવસ ભરાઇ ગયા છે. થોડાંક દિવસ પહેલાં જ વસુંધરા રાજેના વિરોધી નેતા ઘનશ્યામ તિવારીની ભાજપમાં વાપસી થઇ હતી. રાજેના વિરોધના લીધે ઘનશ્યાન તિવારીની વાપસી થઇ શકતી નહોતી પરંતુ હવે મનાય છે કે રાજસ્થાનના રાજકારણમાં વસુંધરા વિરોધી જૂથ મજબૂત થઇ રહ્યું છે અને તિવારીની વાપસી તેના તરફ ઈશારો કરી રહ્યું છે.

# ઉત્તર પ્રદેશના બુલંદ શહેરમાં ઝેરી દારુ પીધા બાદ પાંચ લોકોના મોત

બુલંદશહર,તા.૮

ઉત્તર પ્રદેશના બુલંદ શહેરમાં શુક્રવારે ઝેરી દારુ પીતા ૫ લોકોના મોત થઇ ગયા. ૧૫ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તંત્રે આ ઘટનાને પોલીસની બેદરકારી માની બે પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરી દીધા છે. અન્ય ત્રણ લોકોની અટકાયત પણ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગત મુજબ, સિકંદરાબાદ પોલીસ મથક હેઠળના જીતગઢી ગામમાં ઝેરી દારુ પીવાને કારણે ઘણા લોકો બીમાર પડી ગયા હતા. જેમાંથી ૫નાં મોત થઇ ગયા. જ્યારે અન્ય ૧૫ લોકોને વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગ્રામીણોનો આરોપ છે કે દારુ અને આબકારી વિભાગની સાંઠગાંઠથી ઝેરી દારુ વેચવામાં આવી રહ્યો હતો. ઘટના બાદ દારુ માફિયા કુલદીપ ફરાર છે. સરકારી તંત્રે પોલીસની લાપરવાહીને જવાબદાર ઠેરવી વિભાગ સામે પગલાં લીધા છે. સ્ટેશન ઇન્ચાર્જ દિક્ષિતકુમાર ત્યાગી, સર્કલ ઇન્ચાર્જ અને ચોકી પ્રભારી અનોખે પૂરીને સસ્પેન્ડ કરી દીવાયા છે. ડીએમ રવિન્દ્રકુમારે જણાવ્યું કે ૫ લોકોનાં મોત થયા છે અને ૧૫ની સ્થિતિ ગંભીર છે. અમારી પ્રાથમિક્તા આ લોકોને બચાવવાની છે. કેટલાક ગ્રામીણોનું કહેવું છે કે આ લોકોએ દારુ પીધો હતો. ત્યાર બાદ તેમની સ્થિતિ બગડી ગઇ હતી. મૃતકોનું પોસ્ટમાર્ટમ કરાવવામાં આવી રહ્યું છે, જેથી મોતનું કારણ જાણી શકાય. બુલંદશહેરની ઘટના અંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે દોષીઓ સામે કડક પગલાં લેવાનો આદેશ આપ્યો છે. તેમના પર એનએસએ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં.આજે ગ્રુપ સભ્યો ની ગદ્ય રચનાઓ.
www.janfariyadnews.com

---

NOG SS No :- 0004
વિષય:વિતેલા વર્ષની યાદો
શીર્ષક:20x20= 0 શૂન્ય

૨૦૨૦ જતાં એ કાળને કોઈ ન રોકશો,
ઘરે ઘરે એ માનવ ભક્ષી બન્યું વર્ષ જોશો!
કોઈને કોઈની પર ન રહ્યો વિશ્વાસ ખાસ્સો!
ચાલો ભૂલવાં કરતા મૂકી દઈએ દિલાસો,
નવા વરસની આશ અટલ ને ગૂઢ ભરસો,
વિતી ગયું ક્યાંય ઘરમાં ને બહાર વર્ષોનું,
નહિ મનની નિરાશા લઈ જાઓ ૨૦૨૧માં..!
શુભ છે ઘડી સમજી સ્વાગત કરો ૨૦૨૧
અશુભ તો હતાં તે પળ ને ક્ષણ પણ
કુદરતની કરામત ન ઓળખી શક્યા સર્વ
સમય હતો કપરો નીકળી ગયો શૂન્યમાં..
20x20= 0 શૂન્ય વિતી જોડાયો
એકડો ને ઘૂંટો એને..૨૦૨૧ નો લઈ કસૂંબો..!
સફળતાની ટોચ પર બેસી કરીએ તેજ જોમ
ચાલો સહિયારી કરીએ દ્રંષ્ટિની ઉંચી ટોચ!

જયશ્રી પટેલ. દાદી શા )

---

NOG SS No :-0022
વિષય : વીતેલા વર્ષની યાદો
વિભાગ : ગદ્ય
પ્રકાર : લેખ
શીર્ષક : માનભંગ
લેખક : જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

દ્વાપરયુગનો આ પ્રસંગ છે. યમુનામાં રહેતા કાળિયા નાગે સર્વત્ર આતંક મચાવ્યો હતો. તેના આડે કોઈનું ન ચાલતું હતું. તે સમયમાં કૃષ્ણે યમુનામાં જઈ તેનું માનભંગ કર્યું અને તેના માથે મન મૂકીને નૃત્ય કર્યું. એવી જ રીતે ૨૦૨૦ માં કોરોનાએ માનવજાતિનું માનભંગ કર્યું અને કૃષ્ણની જેમ નૃત્ય કરી રહ્યો છે. પોતાની પ્રગતિ માટે પ્રકૃતિનો ભોગ લઈ રહેલી મનુષ્યજાતિને લાલબત્તી બતાવી. ફક્ત ભોગ લેતો મનુષ્ય ભોગ બન્યો.

મારા માટે ૨૦૨૦ વર્ષની શરૂઆત બાકી વર્ષોની જેમ સામાન્ય રહી પણ જેમ જેમ? વર્ષ આગળ વધતું ગયું તેમ અસામાન્ય બનતું ગયું. ન્યુઝ ચેનલોમાં ચીનમાં રોગચાળો ફાટી નીકળ્યાના સમાચાર ઝળકવા લાગ્યા. એક આખું શહેર બંધ છે એ સમાચાર જોઈને આશ્ચર્ય થયું.

માર્ચ આવતાં આવતાં કોરોનાએ ભારતમાં પગપેસારો કર્યાના સમાચાર આવવા લાગ્યા. સૌથી પહેલાં કેરળનું નામ ઝળક્યું. મારી એક ટીમ કેરળ જવાની હતી પણ તે ટીમેનાં પાડતાં શરૂઆતમાં ગુસ્સો આવ્યો પણ જે કંપનીમાં જવાનું હતું તે કંપનીએ પણ કોઈને ત્યાં આવવાની ના પાડી.

ટ્રેનમાં ગર્દી ઓછી થવા લાગી અને થોડા લોકોએ માસ્ક પહેરવાનું શરૂ કર્યું. તેમને આવું કરતાં જોઈને હસવું આવતું હતું પણ તે વખતે ખબર નહોતી કે બાકીનું વરસ હું પણ માસ્ક પહેરવાનો છું.

૨૦ માર્ચે ઓફિસમાં મિટીંગ થઈ અને ત્રણ દિવસ ઓફિસ બંધ રાખવી એવું નક્કી કર્યું. હું સાંજે પાછો ફર્યો. ૨૨ માર્ચે દેશ બંધ રહેવાનો હતો, હજી સુધી બધું મજાક લાગી રહ્યું હતું. અચાનક મુંબઈ લોકલ બંધ કરવાની જાહેરાત થઈ અને ભાન થયું કે કંઈક તો છે બહુ સિરીયસ છે. આ પહેલાં ભાગ્યેજ લોકલ બંધ રહી હતી.

દેશમાં લોકડાઉન જાહેર થયું અને મારા જેવા ઘણા લોકોએ આ શબ્દ પહેલીવાર સાંભળ્યો. આખો દિવસ પરિવાર સાથે જ રહેવાનું. ફક્ત દૂધ કે જીવનજરુરી વસ્તુઓ લેવા જવાનું અને તે પણ માસ્ક પહેરીને. શરુઆતમાં ચાર દિવસ મજા આવી પણ પછી વિચિત્ર લાગવા લાગ્યું. સવારે ઉઠીને વિચાર કરતો કે આજે આખા દિવસમાં શું કરીશું?

પત્નીને ઘરકામ અને રાંધવામાં મદદ કરીને પોતાને વ્યસ્ત રાખ્યો. બાળકો સાથે સારો સમય વ્યતીત કર્યો. વીસ દિવસની રજા બાદ વર્ક ફ્રોમ હોમ શરૂ થયું અને હવે શું કરીશ એ ટેન્શન દૂર થયું.

લોકડાઉનનો સમય મજા હતી કે સજા એ હજી સમજી શક્યો નથી. હવે કોરોનાનું પ્રકરણ પુરું થવામાં છે અને વરસ પણ. મારી ઈશ્વરને પ્રાર્થના છે કે આવતું વર્ષ બધાં માટે સુખદાયી નીવડે.

કોરોનાએ એક મહત્વનો બોધપાઠ આપ્યો છે,"થોભો અને વિચાર કરો, ક્યાં જઈ રહ્યા છો? શું કરી રહ્યા છો? માનવતા નહી જીવનતા જગવો, દરેક જીવનું રક્ષણ કરો."

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

NGO SS No :- 0031
વિભાગ:- ગદ્ય
પ્રકાર:-શોટે એન્ડ સ્વીટ
શીર્ષક:- ૨૦૨૦ ખારું ગળ્યું

જેમ દરેક વસ્તુ કોઇના માટે સારી અને કોઇના માટે ખરાબ હોય છે.એવું જ ૨૦૨૦ના વર્ષમાં બન્યું.કોરોના જેવી મહામારીમાં? ઘણાંએ પોતાના સ્વજનો ગુમાવ્યા તો આ જ મહામારીને કારણે થયેલા લોકડાઉનમાં એક જ ઘરમાં રહેતા પણ નોકરી, ધંધામા વ્યસ્ત રહેતા લોકો એકબીજાની સાથે નહોતાં રહી શકતા તેમને સાથે રહેવાની તક મળી.૨૦૨૦માં ઘણાં લોકોને પોતાના દીકરા કે દીકરીનાં લગ્ન લાખો રૂપિયા ખર્ચે કરી કરવા હતા ,તે લોકોને સરકારી આદેશ મુજબ ૧૦૦ લોકોની હાજરીમાં સાદાઇથી કરવા પડ્યા તેનો અફસોસ થયો.તો બીજી બાજુ ઘણા લોકો એવા પણ હતા જે લોકોને સમાજના કારણે અથવા સામા પક્ષના કહેવાથી પોતાની આર્થિક ક્ષમતા ના હોવા છતાં પોતાના સંતાનોના લગ્ન ધામધૂમથી કરવા પડે તેમ હતા.પરંતુ લગ્નપ્રસંગમાં ફક્ત ૧૦૦ માણસોના સરકારી આદેશથી એ લોકો સાદાઇથી પ્રસંગ?ની ઉજવણી કરી શકાશે તો પોતાને માથે કોઇ આર્થિક બોજ નહીં આવે એ વિચારી હાશ અનુભવતા હતા.

આમ ૨૦૨૦નું વર્ષ બધા માટે ૨૦/૨૦ બિસ્કીટ જેવું રહ્યું.કોઇને ખારૂં લાગ્યું તો કોઇને ગળ્યું.ઘણાને ભાવ્યું, ઘણાને ના ભાવ્યું તો પણ આ ૨૦૨૦નું ખોલેલું પેકેટ ગમે તેમ કરી પુરું કરવું જ પડ્યું.

મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય
"મેઘુ" રાજકોટ

---

NOG સાહિત્ય સરિતા (૧)
NOG SS No :- 0059
વિભાગ :- ગદ્ય
વિષય. :- 'વિતેલા વર્ષની યાદો સમય-સંજોગ'.
શીર્ષક. " શુભમ્ ૨૦૨૧".

આપણાં પૂર્વજોએ સાચું જ કહ્યું છે કે,"સુખી થવાં માટે ગઈ ગુજરી ભુલી જાઓ." ગઈ દુઃખદ પળને યાદ કરવાથી તમે વર્તમાનની સુખદ પળનો આનંદ નહિં માણી શકો. વર્તમાનનો આનંદ માણો અને ભવિષ્યનાં સુખ માટે વધું વિચારવાને બદલે તે સમય અને સંજોગો ને આધીન સમજી તેના ઊપર છોડી દો.

ડાહ્યા માણસોનું, ડાહ્યા માણસો માટે કેટલું સરળ ને સચોટ સુચન.

કોરોનાકાળ તેની વિદાયના અંતીમ ચરણમાં પ્રવેસી ગયેલછે
''વીસ ના વિષ " ને ભુલી એકવીસનાં અમૃતને વધાવવા તૈયાર રહેવાનુંછે.એ અમૃત સમસ્ત વિશ્વવની તમામ જીવંત સૃષ્ટી સુધી પહોંચાડવાની જવાબદારી સમગ્ર માનવજાતની બની રહેછે.
માનવજાત માટે આ એક મોટો પડકારછે, પડકારને પહોંચી વળવા માનવજાતે એટલે કે મારેતમારે અને આપણે ,પર્યાવરણને બચાવવા પ્રમાણિકતા સાથે અથાગ મહેનત કરવી જરૂરી બનેછે. અરસ-પરસના વેર-ઝેરને ભૂલી સંપૂર્ણપણે વિશ્વાસની એક અલૌકિક આહલેક જગાવી સમગ્ર માનવજાતને અભિનવ અભિયાનમાં જોડવી પડશે.
જે દિવસે પર્યાવરણ સુરક્ષીત થશે તે દિવસે સમગ્ર જીવસૃષ્ટિ સંપૂર્ણ સુરક્ષીત બની જશે.
સાથે સાથે આત્મનિર્ભરતાને વધું ગંભીરતાથી વિચારી, ખભે ખભા મીલાવી , ઊચીત પ્લાનિંગ સાથે આગળ કદમ વધારવા પડશે.
આંતરિક તેમજ સિમાડા ઉપરનાં વિકરેલા આતંકવાદને ડામવા-
નેસ્તનાબુદ કરવા, રાષ્ટ્રીયભાવનાં વધુ ને વધું ગંભીરતા સાથે વેગવંતી કરવાં કૃતનિશ્ચયી થવું જરૂરી ને જરૂરી બનેછે.
જાગૃતિ એ સુખની - આનંદની ચાવીછે, જે હાંસલ કરવાં
આપણે સૌ સપ્ત પરિશ્રમ અને એકતાનાં નાદ સાથે ૨૦૨૧નાં
નવલા વર્ષને આવકારવનું છે.
હર કલમ,શબ્દોને સુંદર રીતે
રોજ રોજ સજાવેછે,
પ્યારે' હર નવું વર્ષ રોજ રોજ
નવું સુખ આપણાં માટે લાવેછે.
શુભમ્ ૨૦૨૧.

જયકાન્ત એસ ઘેલાણી 'પ્યારે'
બોરીવલી..

---

NOG SS NO: 0079
પ્રકાર :- ગદ્ય

અત્યાર સુધી માનતી હતી કે "કોરોના"આ પાર્થિવ શરીરને આભડયો હતો !
હવે લાગે છે એણે માનવીના મનમાં અડ્ડો જમાવ્યો છે. તેની વિચારશકતિમાં વમળ પેદા કર્યા છે. કાદવ અને કકળાટથી કોહી ગયું છે માનવ તારું નિર્મળ મન !
હમેશા સારું વિચારો, શુભની પ્રાર્થના કરો. સર્જનહાર પરિસ્થિતિથી પર છે! તેને કોરોના નો ભય ન સતાવે !
આશાવાદી બનો. માનવ મહેનત દ્વારા રસી શોધવામાં કામિયાબ થયો છે. સમય તેનું પરિણામ પુરું પાડશે.
૨૦૨૦ને ધક્કો મારી વિદાય આપો !
૨૦૨૧ ને ઉમળકાભેર આવકારો .

પ્રવિણા કડકીયા (હ્યુસ્ટન)




# એક વખત કરેલું રક્તદાન અન્ય ચાર લોકોનો જીવ બચાવી શકે છે:અનિલ કક્કડ

'આદર્શ અમદાવાદ' એ નગરજનોની સ્વૈછિક સેવા અને સહયોગથી સમાજ ઘડતર અને આદર્શ સમાજ નિર્માણ નુ કાર્ય કરવાનો નમ્ર પ્રયાસ કરે છે. આ સંસ્થા ના નેતૃત્વ હેઠળ જનજાગૃતીના કાર્યક્રમ તરીકે તારીખ ૦૬-૦૧-૨૦૨૧ના કરવામા આવેલ " Blood Transfusion " વિષય ઉપરના વેબ સેમીનાર નુ આયોજન સફળતા પૂર્વક સંપન્ન થયેલ છે. સેમીનાર ના મુખ્ય વક્તા તરીકે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ના નિવૃત નાયબ કમિશ્નર શ્રી અનિલ કક્કડએ જણાવ્યુ હતુ કે હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શક્યું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. લોહી એ ફક્ત અને ફક્ત કોઈ રક્તદાતા પાસેથી જ મેળવી શકાય છે. લોહીનો બીજો કોઈ જ વિકલ્પ ન હોવાથી આપણું લોહી એ બીજા કોઈ માટે જિંદગી બની જાય છે. મોટા કારખાના કે નાની પ્રયોગશાળામાં પણ બનતું નથી



લોહીની જરૂર કેટલાય પ્રકારની ઈમર્જન્સી પરિસ્થિતિ જેવી કે હાર્ટ સર્જરી, ટ્રાન્સપ્લાન્ટ સર્જરી, ગંભીર અકસ્માત, કુદરતી આફતો, યુદ્ધ વખતે થતી ઈજાઓ, કેન્સર અને એનિમિયા, લોહીને લગતા કેન્સર, ગંભીર રીતે દાઝી જવાની ઘટના, પ્રસુતી સમયે, થેલેસેમિયા, હીમોફીલિયા, સિકલસેલ વગેરેના દર્દીઓને લાબું આયુષ્ય મળે તે માટે પણ ખુબ જ પડે છે. રક્તદાન સમયે દરેક મેડિકલ તપાસ અને તેને લગતી આવશ્યકતાઓના પ્રશ્નોત્તાર દરેક બલ્ડબૅંક માં કરવામાં આવતી હોય છે જેવા કે ૧૮ થી ૬૫ વર્ષ ની ઉમર, હિમોગ્લોબીન ૧૨.૫ ટકા થી વધુ હોય, ઓછામાં ઓછું ૪૫ કિલો વજન. બ્લડ-પ્રેશર, હિમોગ્લોબીન, શરીરનું તાપમાન અને રક્તદાતાના પલ્સ રેટ નોર્મલ હોય તે રક્તદાન કરી શકે છે. વ્યક્તિ ૩૫૦ મી.લી રક્તદાન અથવા ૬૦ કી.ગ્રા થી વધુ વજન ધરાવતી વ્યક્તિ ૪૫૦ મી.લી રક્તદાન કરી શકે.છે. રક્ત સમુહ ( blood group ) શબ્દો જેવા કે એ, બી, ઓ, એબી, ×પોઝીટીવ× અથવા ×નેગેટિવ× આરએચડી એન્ટિજેનની હાજરી કે ગેરહાજરી દર્શાવે છે. રક્તદાન દ્વારા એકઠું કરવામાં આવેલ દરેક લોહીની એચ. આઈ. વી. ( HIV ), હેપેટાઇટિસ – બી ( Hepatitis B ), હેપેટાઇટિસ સી (Hepatitis C), ગુપ્તરોગ તથા મલેરિયા વગેરે ટેસ્ટ બલડબેક માં કરવામાં આવે છે. જે લોહી દ્વારા ફેલાતી બીમારીઓ છે.

રક્તદાન માટે કેટલીક ખોટી માન્યતા ઓ પ્રચલિત છે જેવી કે જરૂરિયાત ના સમયે માત્ર સૌથી નુ નજીકના સગાનુ જ લોહી લેવુ એ સારૂ ગણાય. પરંતુ એકદમ નજીકના સગા સંબંધી નુ લોહી લેવાથી GVHD નામના રીએક્શનની સંભાવનાઓ રહેલી છે. Blood Transfusion નો મુળભુત હેતુ સુરક્ષિત રક્તની ઉપલબ્ધતા ચાલુ રાખવાનો છે. રક્તદાન માટે મોટે ભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બૅક્રમાં જઈને રક્તદાન કરાતું હોય છે. બ્લડ બેંક નો મુખ્ય રોલ એ છે કે રક્તનું વિવિધ ઘટકોમાં વિભાજન કરવું તેના નિર્ધારીત તાપમાને વિવિધ ઘટકોનો સંગ્રહ કરવો, તેના ઘટકો જેવા કે રક્તકણ, પ્લેટલેટ્સ, પ્લાઝમા (FFP), ક્રાયોપ્રેસિપિટેટર્સ ક્યાં તાપમાને સંગ્રહ કરાય, કેટલો સમય સંગ્રહ થઈ શકે, જરૂરિયાતમંદ દર્દીને રક્ત કે તેના ઘટકની જરૂર પડે ત્યારે તેને ક્રોસ-મૅચિંગ કરીને દર્દી ને માફક આવે તે રક્ત કે તેના ઘટક નો અને ખાસ કરી ને દુર્લભ બ્લડ ગ્રૂપ નો રેશનલ ઉપયોગ થાય તે રીતે પૂરું પાડવું એ દરેક બ્લડબેક્રની જવાબદારી છે.

દુનિયાના લાખ્ખો લોકો, નિષ્કામ અને નિસ્વાર્થ ભાવે, કોઈની જિંદગી બચાવવા રક્તદાન કરે છે. આ માનવ કલ્યાણનું કાર્ય છે અને તેથી જ આપણી ફરજ છે કે વધુ સંખ્યામાં, આપણા સગાં-સબંધી, પાડોશી, મિત્રો સૌને સમજાવીને બ્લડ બેંકમાં રક્તદાન કરીએ. આપણે અનેક માનવ જિંદગી બચાવી શકીએ એવું જાદુ પ્રભુએ આપણને આપેલું છે. એક વખતમાં કરેલું રક્તદાન એ અન્ય ચાર લોકોનો જીવ બચાવી શકે છે. રક્તદાન એક એવું દાન છે કે દાન આપનાર ને અભિમાન નથી થતું અને સ્વીકારનાર ને તેનો સંકોચ નથી થતો. રક્તદાન સમાજને એ રીતે મદદરૂપ થઈ શકે છે કે જેનું કોઈ મૂલ્ય જ આંકી શકાતુ નથી.

# વ્હોટ્સએપની નવી પોલિસી

૧. શું છે વ્હોટ્સએપની નવી પોલિસી?

વ્હોટ્સએપ પર નવાં ટર્મ્સ અને પ્રાઈવસી પોલિસીની અપડેટ મળવા લાગી છે. તેમાં લખવામાં આવ્યું છે કે, યુઝર્સે નવી શરતોનું પાલન કરવું પડશે. આ પોલિસી ૮ ફેબ્રુઆરી, ૨૦૨૧થી લાગુ થવા જઈ રહી છે. આ તારીખ પછી નવી શરતો માનવી જરૂરી બનશે જો યુઝર્સ તેને નામંજૂર કરશે તો તેનું અકાઉન્ટ ડિલીટ થઈ જશે. તેના માટે તમે હેલ્પ સેન્ટર પર વિઝિટ કરી શકો છો. હાલ પોલિસીમાં એગ્રી અને નોટ નાઉનો ઓપ્શન મળી રહ્યો છે. તેમાં લખવામાં આવ્યું છે કે, અમારી સર્વિસિસ ઓપરેટ કરવા માટે તમે વ્હોટ્સએપના જે કન્ટેન્ટ અપલોડ, સબમિટ, સ્ટોર, સેન્ડ અને રિસીવ કરો છો કંપની તેને ક્યાંય પણ યુઝ, રિપ્રોડ્યુસ, ડિસ્ટ્રીબ્યુટ અને ડિસ્પ્લે કરી શકે છે.

૨. વ્હોટ્સએપે આ નિર્ણય શા માટે લીધો?

આ પોલિસી લાગુ કર્યા બાદ વ્હોટ્સએપ પોતાના ૨૦૦ કરોડથી વધારે યુઝર્સના ડેટાનો એક્સેસ કરી શકશે. અર્થાત કંપની આ ડેટા અન્ય પ્લેટફોર્મ પર શેર કરી શકશે. નવી પોલિસી મુજબ, વ્હોટ્સએપ યુઝર્સનો ડેટા તેની પેરન્ટ કંપની ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સાથે શેર કરશે. અર્થાત વ્હોટ્સએપ પોતાના યુઝર્સના ડેટાનો ઉપયોગ કરી પૈસા કમાવી શકે છે.




૩. યુઝર પર પોલિસીની શું અસર થશે?

આ નક્કી થઈ ગયું છે કે જો તમે વોટ્સએપ યુઝ કરો છો તો આ પોલિસી અગ્રી કરવી પડશે. એટલે કે ના ઈચ્છતા પણ તમારે વ્હોટ્સએપની પ્રાઈવસી કંપનીને શેર કરવી પડશે. વ્હોટ્સએપ તમારા ડેટા પર નજર રાખશે અને તમારી પ્રાઈવસી નહિ રહે. આ વાતને સમજીએ... જાહેરાતો ખર્ચા પરથી નક્કી થશે: વ્હોટ્સએપ તમારી બેંકનું નામ, તેમાં પડેલી રકમ અને ડિલિવરીનું સ્થાન પણ ટ્રેક કરશે. તેનાથી ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પણ તમારા ફાઈનાન્શિયલ ટ્રાન્જેક્શન જાણી જશે. આ ડિટેલથી કંપની તમારું પ્રોફાઈલિંગ કરશે. એટલે કે જો તમે ઈડલી-ડોસા ખાઓ છો તો અમીર નથી. સ્ટારબક્સ જાઓ છો તો તમને મોંઘી કારની જાહેરાત દેખાડવા લાગશે.

IP એડ્રેસ અને લોકેશન પણ ટ્રેસ થશે: વ્હોટ્સએપે ઓપ્શન આપ્યો છે કે યુઝર પોતાના લોકેશન એક્સેસને ડિસેબલ કરી શકે છે. જો કે તેણે એ પણ કહ્યું કે, IP એડ્રેસ અને મોબાઈલ નંબર પરથી અંદાજો આવી જશે કે તમે ક્યાં-ક્યાં જાઓ છો.

સ્ટેટસ પણ સુરક્ષિત નથી: વ્હોટ્સએપ તમારું સ્ટેટસ પણ વાંચશે. તેમાં જોખમ એ છે કે જો તમે લખ્યું, કહો કઈ કાર ખરીદુ? તો ફેસબુક-ઈન્સ્ટામાં તમને કાર અને બાઈકની જાહેરાતો દેખાડશે. આવી જ રીતે તમે લખ્યું કે, ફરવા ક્યાં જવું જોઈએ તો તે તમને સોશિયલ મીડિયા પેજ પર ટૂરની જાહેરાતો દેખાડશે. કન્ટેન્ટ પર સજેશન અને એનાલિસિસ મળશે: વ્હોટ્સએપ તમારા મિત્રો, ગ્રુપ્સ અને કન્ટેન્ટને સજેશન પણ આપશે. એક પ્રકારે વ્હોટ્સએપ તમારી દરેક વસ્તુઓ પર નજર રાખશે અને તેનું એનાલિસિસ કરશે. ફેસબુક તે જ આધારે તમને શોપિંગ, પ્રોડક્ટની જાહેરાતો દેખાડશે.

કોલ પર પણ નજર હશે: કંપનીને ખબર હશે કે તમે કેટલા વ્હોટ્સએપ કોલ કરો છો? કયા ગ્રુપમાં વધારે સક્રિય છો? બ્રોડકાસ્ટ લિસ્ટ કેટલું છે? ફોટો-વીડિયો ફોરવર્ડ કરવા પર સર્વર પર વધારે સમય સ્ટોર રહેશે. તેને ખબર હશે કે કયું કન્ટેન્ટ વધારે ફોરવર્ડ થઈ રહ્યું છે. ફેક ન્યૂઝ ટ્રેક કરવા અને ચૂંટણીઓના સમયે આ જાણકારી મહત્ત્વની રહેશે. બિઝનેસ અકાઉન્ટમાંથી શેર થતા કેટલોગનું એક્સેસ પણ વ્હોટ્સએપની પાસે હશે.

૪. શું પોલિસીને એક્સેપ્ટ કરવી જોઈએ?

નવી પોલિસીની યુઝરની પ્રાઈવેસી પર ઊંડી અસર થશે. એટલે કે તમે જેવી કંપનીની નવી પોલિસીને અગ્રી કરો છો, તેને પોતાના ડેટાને એક્સેસ કરવાના રાઈટ્સ પણ આપશે. સમસ્યા એ છે કે વ્હોટ્સએપ ચલાવીએ ત્યારે પોલિસીને અગ્રી કરવી જરૂરી છે. કેમ કે ૮ ફેબ્રુઆરી બાદ પોલિસી સાથે સહમત થવું પડશે. જો અગ્રી નહિ કરો તો વ્હોટ્સએપ અકાઉન્ટને ડિલીટ કરવું પડશે.

૫. કંપનીની એન્ડ-ટુ-એન્ડ ઈક્રિપ્ટેડ પોલિસીનું શું થયું?

વ્હોટ્સએપ પોતાની એન્ડ-ટુ-એન્ડ ઈક્રિપ્ટેડ પોલિસીમાં એ વાતનો દાવો કરતી હતી કે તમારા મેસેજ, ડેટા તેની પાસે નથી. ૮ ફેબ્રુઆરી બાદ તે સમાપ્ત થઈ જશે. કંપનીએ પોતાની આ પોલિસીમાં લખ્યું હતું કે તમારી પ્રાઈવેસી અને સુરક્ષા અમારા માટે સૌથી ઉપર છે, તેથી અમે તમારા માટે એન્ડ-ટુ-એન્ડ ઈક્રિપ્શન ફીચર તૈયાર કર્યું છે.

# હિન્દુ યુવા સંઘઠન ભારત દ્વારા સંગઠનના ૯માં સ્થાપના દિન નિમિત્તે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પૂજાયજ્ઞનું આયોજન કરાયું



સેવાના કાર્ય મા ગુજરાત ભરમાં આગવી ઓળખ ધરાવતું હિન્દુ યુવા સંગઠન ભારત આજે વર્ષગાંઠ નિમિત્તે હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા જીલ્લા ના કાર્યકરો દ્વારા આજ રોજ હિંમતનગર મોતીપુરા પાસે આવેલ ઝૂંપડપટ્ટી વિસ્તાર મા સત્યનારાયણ ભગવાનની કથા નું આયોજન કરવામાં આવ્યું હતું ખરેખર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવા ધાર્મિક પ્રસંગ આજ દિન સુધી યોજાતા ન હતા ત્યારે હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા દ્વારા આ આયોજન કરાતા ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો..

તારીખ ૦૮/૦૧/૨૦૧૩ માં હિન્દુ યુવા સંગઠન ભારતની સ્થાપના થઈ હતી ત્યારે આજે સંગઠનના સેવાના કાર્યો કરતાં કરતાં આઠ વર્ષ વીતી ગયા અને આજે હિન્દુ યુવા સંગઠન ભારત નવમા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે ત્યારે આવો અનેરો ઉત્સાહ હિન્દુ યુવા સંગઠનના કાર્યકરો માં જોવા મળ્યો હતો..

સંગઠનના વર્ષગાંઠ નિમિત્તે સાપ્તાહિક સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું જેમાં અબોલ પશુ પક્ષીઓ માટે ઘાસચારો અને પાણીની સગવડ, કડકડતી ઠંડીમાં ઠંડીથી રક્ષણ મેળવવા માટે જરૂરમંદ લોકોને ધાબળા વિતરણ, સ્વાન માટે લાડુ તેમજ વિવિધ સેવાકીય કાર્યો સંગઠન દ્વારા કરવામાં આવ્યા છે..

આજના આ કાર્યક્રમમાં ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોને પણ સત્યનારાયણ ભગવાનની કથા માં પૂજા કરવાનો મોકો મળ્યો હતો બીજી તરફ સંગઠનના વર્ષગાંઠ નિમિત્તે અંદાજે ૨૦૦ જેટલા પરિવારના બાળકોને વસ્ત્રદાન પણ કરાયું હતું આ ધાર્મિક કાર્યક્રમના અંતે તમામ ઝૂંપડપટ્ટીના લોકો સાથે ભોજન સમારંભ યોજી કાર્યક્રમ ને પૂર્ણ કરાયો હતો.......

# વંથલી તાલુકાના સાંલપુર ગામના ગૌસેવક નું અવસાન



વંથલી તાલુકાના સાંલપુર ગામના ગૌ સેવક મોહન ભાઈ પાચા ભાઈ મોણપરા નુ તા.૮.૧.૨૦૨૧ ના રોજ સાંતલપુર ગામે અવસાન થયું છે આથી ગૌ સેવા સમાજ મંડળી ને મોટી ખોટ પડી છે મંડળી ના નાગજી ભાઈ પેથાણી, ગિરધર મોણપરા. ગાંગજી ભાઈ સાવલીયા. ધીરજ ભાઈ બાબરીયા.અમિત દુધત્રા. અરજણ ભાઈ મોણપરા. સરપંચ રસિક ભાઈ પેથાણી, વંથલી માર્કેટિંગ યાર્ડ ના ડે. ચેરમેન કડવા ભાઈ મોણપરા.તેમજ ગામના આગેવાનો એ મોહન ભાઈ ના અવસાન થવાથી ઊંડા દુઃખ ની લાગણી વ્યકત કરી છે મોહનભાઈ ગૌ સેવા મંડળી મા વારસો થી નિસ્વાર્થ ભાવે સેવા આપતા હતા એક સાચા ગૌ સેવક ની ખોટ કાયમ રહેશે તેમ ભરત એ. મોણપરા એ જણાવ્યું છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# મહાપાલિકાની સેનીટેશન ટીમ દ્વારા સરિતા ઉદ્યાન વિસ્તારને સ્વચ્છ કરાયો

## મારો કચરો – મારી જવાબદારીની લોક ભાવના કેળવવા પ્લોગિંગ પ્રોગ્રામનું આયોજન કરાયુ હતું




ગાંધીનગરઃ

ગાંધીનગર શહેરને સ્વચ્છ સર્વેક્ષણમાં અગ્રતા ક્રમ મળે તેના માટે મહાનગર પાલિકા દ્વારા અનેકવિધ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. તેમાં જાન્યુઆરી મહિનાને જન જાગૃત્તિ માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. શુક્રવારે મહાપાલિકાની સેનીટેશન બ્રાન્ચના અધિકારી, કર્મચારીઓની ૨૫ માણસોની ટીમ દ્વારા સરિતા ઉદ્યાન વિસ્તારમાં પ્લોગિંગ પ્રોગ્રામ અંતર્ગત સફાઇ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સફાઇ કામદારો નહીં પરંતુ શાખાના કર્મચારીઓએ જ જોડાઇને મારો કચરો - મારી જવાબદારીના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આપવામાં આવેલા સુત્રને સાર્થક કરવામાં આવ્યુ હતું. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી પી સી દવેએ જણાવ્યું કે સરિતા ઉદ્યાન આસપાસના વિસ્તારમાં ફેંકવામાં આવેલો પ્લાસ્ટિક સહિતનો કચરો ઉઠાવવામાં સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ સંદિપસિંહ ગોહિલ અને તેમની શાખાના કર્મયોગીઓ જોડાયા હતાં અને તેમના દ્વારા કચરો વિણવામાં આવ્યો હતો. ટીમ દ્વારા સવારે ૩ કલાક સુધી શ્રમ યજ્ઞ ચલાવીને ૭૫ કિલોથી વધુ કચરો એકત્ર કરીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. કચરો વિણીને એકઠો કરવા માટે પણ કાપડની થેલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# વડગામ માં મામલતદાર કચેરી પાછળ આવેલા તળાવમાં યુવાનની લાશ મળી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ ખાતે આવેલા મામલતદાર ઓફીસ ની પાછળ આવેલ સમશેર તળાવ માં એક લાશ પડી હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતા વડગામ પોલીસ ને જાણ થતા પોલીસ ઘટના સ્થળે આવી તપાસ કરતાં આશરે ૩૫ થી ૪૦ વર્ષના એક યુવાન ની ખાડામા પડેલી લાશ જોવા મળતાં વડગામ મામલતદાર તથા વડગામ ઈન્ચાર્જ પી.એસ.આઈ એસ.ડી.ચૌધરી ની હાજરી માં પંચનામુ કરી લાશ ને બહાર કાઢી સિવિલ હોસ્પિટલ વડગામ ખાતે બે ડોક્ટર ની પેનલ માં પી.એમ કરવા માટે મોકલી આપી હતી.મરનાર ઈસમ વડગામ નો જ વતની હોવાથી અને બાઈક ગેરેજ નો ધંધો કરતો હોવાથી તેની ઓળખ વીધી જલ્દીથી થઇ જવા પામી હતી જેનું નામ અરવિંદ ભાઈ દેવાભાઈ ચૌહાણ ઉમર આશરે ૩૫ થી ૪૦ વર્ષની હોવાનું જાણવા મળ્યું હતું આ યુવાન નુ મોત કયા કારણસર થયું તે પી.એમ.રીપોર્ટ આવ્યા પછી જ અને પોલીસ તપાસ બાદ જ ખબર પડે હાલમાં તો લોકો દ્વારા અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે

# માણાવદર તાલુકાના વેળવા - ચુડવા રોડના નબળા કામ અંગે તપાસની માંગ કરતા તાલુકા કૉંગ્રેસ પ્રમુખ અરવિંદભાઇ લાડાણી



માણાવદર - વેળવા-ચુડવા રસ્તાને પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે તેમા માણાવદર જીઇબી ચોકથી દોઢેક કિ.મી. સુધી પટી માં બુરવાનું કામ ચાલું છે. આ કામગીરીની માં વપરાયેલ મટીરીયલ હલકી ગુણવતાનું વપરાયું હોવાનો આક્ષેપ કરી આ અંગે તપાસ કરવા માણાવદર તાલુકા કૉંગ્રેસના પ્રમુખ અરવિંદભાઇ લાડાણી એ માંગ કરી છે

આ પત્રમાં વધુમાં જણાવ્યું છે કે માણાવદર તાલુકાથી ઉપલેટા તાલુકાને જોડતા સ્ટેટ વિભાગ હસ્તકનો જે માણાવદર - વેળવા-ચુડવા સુધી ૧૭ કિ.મી. નો રસ્તો પહોળો કામગીરી ચાલી રહી છે આ કામ અંદાજે ૧૭ કરોડ રૂપિયા નું મંજૂર થયેલ છે આ કામમાં સાઇડ પટી નું ખોદાણ કામ તથા જી.એસ.બી. મટીરીયલ ભરવાનું કામ ચાલુ છે તેમાં જી.એસ.બી.મટીરીયલ નબળી ગુણવતા નું વાપરે છે આ કામ જોતા જ નબળું કામ થાય છે આ અંગે કાર્યપાલક ઈજનેર અને કવોલિટી કંટ્રોલ ને પણ લેખિત રજૂઆત માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઇ લાડાણી એ કરી છે.

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

# ઈડર સાપાવાડા માર્કેટ યાર્ડ કિસાન સૂર્યોદય યોજના અનાવરણ કાર્યક્મ યોજાયો

ઈડર સાપાવાડા ખાતે કિસાન સૂર્યોદય યોજના નો શુભારંભ કાર્યક્રમ યોજાયો ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વીજ કંપની દ્વારા ખેડૂતો ને દિવસે દરમ્યાન અલગ અલગ સમયે ૮ કલાક વીજળી આપવામાં આવતી હતી જેમાં રાત્રે ના સમયે વીજળી આપવામાં આવે છે જેથી જગલી પ્રાણીઓ ના તેમજ જીવજંતુ કરડવા નો ભય અને રાત્રોના ઉજાગરા કરવા પડતા ખેડૂતો ને પડતી મુશ્કેલી દૂર કરવા માટે ગુજરાત સરકાર દ્વારા કિસાન સૂર્યોદય યોજના માં ઈડર તાલુકા ના ૧૮ગામો ને ૩.૨૪ મેગાવોટ વીજ પુરવઠા વિતરણ માં ૨ સબ સ્ટેશનો ૭ જેટલા ફીડરો પરથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે જેમાં દિવસ દરમયાન ચાર ચાર કલાક વીજ પુરવઠો આપવામાં આવશે આ કાર્યક્રમ માં સાબરકાંઠા સાંસદ દીપસિંહ રાઠોડ, ઈડર ધારાસભ્ય હિતુ કનોડિયા,ઈડર પી.સી.પટેલ.પ્રાંત અધિકારી, ઈડર મામલતદાર, પ્રેમલ ભાઈ દેસાઈ, ઈડર નગર પાલિકા પ્રમુખ જયસિંહ તવર, અશ્વિનભાઈ પટેલ, હિતેન્દ્રભાઈ પટેલ, જયોતિન્દ્ર ભાઈ પટેલ તેમજ પી.સી. શાહ. સાહેબ અધિશક ઈજનેર હિંમતનગર સૂચના મુજબ વિભાગીય ઈડર કાર્યપાલક. ઈજનેર ઈડર મનોજકુમાર જે.અસારી. ઈડર .તેમજ કર્મચારીઓ જહેમત ઉઠાવી કાર્યકમ ને સફર બનાવ્યો હતો ..

માલજી દેસાઈ ઈડર.

# રાજ્યના ૨૪૮ તાલુકાઓમાં ત્રણ વેક્સિનેશન કેન્દ્ર પર કરાયું ડ્રાયરન



અમદાવાદ,તા.૮

આજે સમગ્ર દેશમાં વેક્સિન ડ્રાયરન,જેમાં ગુજરાતના ૩૩ જિલ્લાના ૨૪૮ તાલુકાઓમાં તાલુકાદીઠ ત્રણ વેક્સિનેશન કેન્દ્ર પર ડ્રાયરન કરવામાં આવ્યો. તેમજ શહેરોમાં ૨૯ ઝોન વિસ્તારમાં ડ્રાયરનનું આયોજન કરવામાં આવ્યું છે.રાજયના અંતરિયાળ-ડુંગરાળ વિસ્તારોમાં રસીકરણ અંગે ઓફલાઈન વ્યવસ્થા ગોઠવવા કેન્દ્રીય મંત્રીને અનુરોધ કરવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લાના તાલુકાના રસીકરણ કેન્દ્ર પર ડ્રાયરન યોજવામાં આવ્યો હતો.ત્યારે બગોદરા બાવળાના રસીકરણ કેન્દ્રની ઓચિંતી મુલાકાત ચીફ સેક્રેટરી અનિલ મુકિમએ લધી હતી.અને રસીકરણ કેન્દ્ર પરની વ્યવસ્થા ની માહિતી અમદાવાદ ઈએમઓ ડોકટર ચિંતન પાસેથી મેળવી.અને અમદાવાદ ગ્રામ્યની હેલ્થ ટીમની કામગીરીને બિરદાવી છે. રસીકરણ કેન્દ્ર પર વિશેષ આયોજન કરાયું છે.એક કેન્દ્ર પર ત્રણ રૂમ તૈયાર કરાયા છે.જેમાં વેટિંગ રૂમ, વેક્સિનેશન રૂમ અને ઓબ્ઝર્વેશન રૂમ. તેમજ વેક્સિન કેરિયર પણ રાખવામાં આવ્યા છે.

જેમાં વેક્સિન યોગ્ય તાપમાન માં રહી શકે.તંત્ર દ્વારા લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે.જેમાં લાભાર્થીઓને નામ અને નંબર લેવામાં આવ્યા છે . જ્યારે વેકસીન આપવાની શરૂઆત થશે ત્યારે નંબર પર મેસેજ મોકલવામાં આવશે.તે સમયે જ લાભાર્થીઓએ વેકસીન લેવા માટે જવાનું રહશે. સમગ્ર દેશમાં છેલ્લા એક વર્ષમાં ૧ કરોડ ૩ લાખ ૯૫ હજાર ૨૭૮ કેસ થયા છે. તે પૈકી ૧ કરોડ ૧૬ હજાર લોકોએ કોરોનાને મ્હાત આપી છે. અન્ય દેશો કરતાં ભારતમાં રીકવરી રેટ ૯૬.૩૫% અને મૃત્યુદર ૧.૪૫ % જે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ રીકવરી રેટ છે. દેશમાં ટુંક સમયમાં કોરોનાની રસી ઉપલબ્ધ થનાર છે. આ રસીથી નાગરિકોને સુરક્ષીત કરવા માટે સમગ્ર દેશમાં ડ્રાયરન કરવામાં આવ્યો છે. નીતિનભાઈ પટેલે રાજ્ય સરકાર દ્વારા કોરોનાના રસીકરણ સંદર્ભે ગુજરાતે કરેલ આયોજનની વિગતો આપતાં કહ્યું કે, ગુજરાતમાં પ્રથમ તબક્કામાં જે નાગરિકોને રસીથી સુરક્ષીત કરવાના છે તે માટે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સંપૂર્ણ આયોજન કરી દેવાયું છે. રાજ્યમાં પ્રથમ તબક્કામાં ૪.૩૩ લાખ સરકારી અને ખાનગી હોસ્પિટલના ડોક્ટર-નર્સ, હેલ્થ વર્કરો, મલ્ટીપર્પઝ વર્કરો, સુપરવાઇઝર, સ્વીપર સહિતના કર્મીઓને આવરી લેવામાં આવનાર છે. રાજયના ૩૩ જિલ્લાઓમાં અને મહાનગરપાલિકાઓમાં મોપ-અપ ડ્રાયરન રાઉન્ડની કામગીરી પણ પૂર્ણ કરી દેવાઈ છે. આ ઉપરાંત કેન્દ્રસરકાર દ્વારા જિલ્લાઓમાં આ ડ્રાયરનનું આયોજન કરવામાં આવ્યું છે. સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ભારત બાયોટેકનોલોજીની રસી ૧૦૦૦ લોકોને આપવા માટેનો ડ્રાય રન કરવામાં આવ્યો હતો. તે તમામને આ રસી આપી દેવાઇ છે. તેની કોઇને પણ આડઅસર જોવા મળી નથી. બીજા રાઉન્ડમાં પણ ૩૦૦૦ નાગરિકોને આ રસી આપવામાં આવી છે.

# અમદાવાદમા કોરોના સંક્રમણ ન ફેલાય તેના માટે પુરતા પગલાં લેવામાં આવશે

અમદાવાદઃ શુક્રવારે રાજ્ય સરકારે ઉત્તરાયણને લઈને હાઈકોર્ટમાં નિવેદન આપતા કહ્યું હતું કે કોરોના સંક્રમણ ન ફેલાય તેના માટે પુરતા પગલાં લેવામાં આવશે. સરકાર તરફથી રજૂઆત કરતા એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે, એક વર્ષમાં ૬૪૦ કરોડ રૂપિયાથી વધુના પતંગ અને દોરાનું વેચાણ થાય છે. જેમાં એક લાખથી વધુ લોકોને રોજગારી મળે છે, તેમની રોજગારી છીનવાય તો યોગ્ય નહીં. સાથે જ તેમણે કહ્યું કે, દિવાળી વખતે એક વખત દાઝ્યા છીએ૫ ફરીથી ચૂક ના થાય તે જોવાની જવાબદારી અમારી છે. યોગ્ય કાર્યવાહી કરીશું.

સાથે જ આ ઉત્તરાયણમાં ધાબા પર લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર પ્રતિબંધ રાખવાનું એડવોકેટ જનરલે કોર્ટમાં નિવેદન આપ્યું હતું. સોસાયટીઓમાં ઘરના ધાબા પર માત્ર પરિવારના સભ્યો જઈ શકશે. ફ્લેટ કે એપાર્ટમેન્ટમાં બ્લોકના મર્યાદિત સભ્યો ધાબે જાય તે માટે સોસાયટીના ચેરમેન સેક્રેટરીને પગલાં લેવા માટે તાકીદ કરાશે. ગર્ભવતી મહિલાઓ ૬૫ વર્ષથી મોટી ઉંમરના વ્યક્તિઓ ધાબે ન જાય તે હિતાવહ છે.

એડવોકેટ જનરલે કોર્ટમાં નિવેદન આપતા જણાવ્યું હતું કે, રાયપુર ટંકશાળ અને નરોડા જેવા પતંગ બજારોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાશે. ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ જાન્યુઆરીના રોજ રાત્રી કર્ફ્યુનો અમલ કડકાઈથી કરાશે. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સના પાલનના ભંગ બદલ કડક કાર્યવાહી કરાશે. ચાઈનીઝ તુક્કલ અને ચાઇનીઝ માંજા પર પ્રતિબંધ લગાવાશે. કોઈ પણ સોસાયટીના ધાબે બહારના વ્યક્તિઓને પ્રવેશ પર રોક લગાવવામાં આવશે.ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે, અમે કોઈ ધર્મની વિરુદ્ધમાં નથી, પરંતુ કોરોના સંક્રમણ ન ફેલાય તેના માટે પૂરતી તકેદારી રાખવી ખુબ જ જરુરી

કુશલ ભાઈ ભટ્ટ

# ટાયર ફાટતા બસ વિજ પોલ સાથે અથડાઇ



અમદાવાદ

અમદાવાદમાં વધુ એક BRTS બસનો અકસ્માત સર્જાયો હતો. ઈસરો પાસે BRTS બસનું ટાયર ફાટતા અકસ્માત સર્જાયો હતો જેમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મ્હ્જી બસ અકસ્માતનો વીડિયો વાયરલ થયો છે.

અમદાવાદ શહેરના ઈસરો પાસે BRTS બસનો અકસ્માત સર્જાતા વિજ પોલ સાથે અથડાઈ હતી. અકસ્માત મામલે AMCએ જણાવ્યુ કે, Chartered Speed પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ચલાવવામાં આવતી બસ નંબર ૧૯૮ આગળનું જમણી સાઈડનું ટાયર ફાટતા ડ્રાઈવરે કાબુ ગુમાવ્યો હતો, જેને કારણે ઈસરો BRTS બસ સ્ટેશન નજીક કોરિડોરમાં એક થાંભલા સાથે બસ અથડાઇ હતી. અકસ્માત સમયે બસમાં ચાર પેસેન્જર હતા જેમાંથી ૨ પેસેન્જરને સામાન્ય ઈજા થઇ હતી.BRTS બસના અવાર નવાર અમદાવાદમાં અકસ્માત થતા કેટલાક સવાલ ઉભા થઇ રહ્યા છે. તાજેતરમાં જ અમદાવાદના અખબારનગર અંડરબ્રિજમાં અકસ્માત સર્જાયો હતો જેને કારણે BRTS બસ પિલ્લર સાથે અથડાતા તેના બે કટકા થઇ ગયા હતા. જોકે, આ દૂર્ઘટનામાં બસમાં કોઇ મુસાફર ના હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. શહેરમાં BRTS બસના અકસ્માતને કારણે અનેક લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ

## ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે જિલ્લામાં ૧૪ કંટ્રોલ રૂમ શરૂ કરાશે

# કરૂણા અભિયાન અંતર્ગત પાલનપુર મુકામે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ઉત્તરાયણના તહેવાર દરમ્યાન ઘાયલ થયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તેવા ઉમદા આશયથી જીવદયા પ્રેમીઓ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરૂણા અભિયાન ચલવવામાં આવે છે. કરૂણા અભિયાન અંતર્ગત પાલનપુર મુકામે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. કરૂણા અભિયાન હેઠળ તા.૧૦/૦૧/૨૦૨૧ થી તા.૨૦/૦૧/૨૦૨૧ સુધી સવારના ૭.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી તમામ પશુ સારવાર કેન્દ્રો તથા કલેક્શન કમ ટ્રીટમેન્ટ સેન્ટર ખાતે જરૂરી સુવિધા કાર્યરત રહેશે. ઉત્તરાયણના પર્વ પ્રસંગે કોઇ વ્યક્તિ કે પશુ-પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે બનાસકાંઠા જિલ્લામાં ૧૬ જેટલાં તાલુકા નોડલ ઓફિસરોની નિમણુંક કરવામાં આવી છે. ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે સમગ્ર જિલ્લામાં ૧૪ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવશે. પક્ષીઓ બચાવવા માટે ૮૩ ટીમો, ૬૧ સરકારી સારવાર કેન્દ્રો, ૪૮ સરકારી ડૉકટરો, ૭ જેટલી સ્વૈચ્છીક સંસ્થાઓ અને ૭ સ્વૈચ્છીક ડૉકટરો, ૧૮૩ સ્વયંસેવકો, ૧૨૨ વન વિભાગના કર્મચારીઓ ખડેપગે સેવા આપશે. આ ઉપરાંત કરૂણા અભિયાન એમ્બ્યુલન્સનો હેલ્પલાઈન નંબર- ૧૯૬૨ પર સંપર્ક કરી ઘાયલ પશુ-પક્ષીઓને સારવાર અપાવી શકાશે. જિલ્લામાં કુલ- ૯૩ જેટલાં કલેક્શન કમ ટ્રીટમેન્ટ સેન્ટર ઉપર ૧૮૩ સ્વંયસેવકો અને ૮ વાહનો તૈનાત રખાશે. વાઈલ્ડ લાઈફ ડિવીઝનના ટોલ ફ્રી નં. ૦૨૭૪૨-૨૫૭૦૮૪ અને સામાજિક વનીકરણ વિભાગના ટોલ ફ્રી નં. ૦૨૭૪૨-૨૫૭૦૫૬ ઉપર ઘાયલ પશુ-પક્ષીઓની જાણકારી આપી શકાશે.

બેઠકમાં કલેકટરશ્રી આનંદ પટેલે જણાવ્યું હતું કે, ઉત્તરાયણનો તહેવાર પશુ-પક્ષી અને પર્યાવરણને નુકશાન ન થાય તેવી રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવાય તે જરૂરી છે. તેમણે લોકોને અપીલ કરતાં જણાવ્યું છે કે, પક્ષીઓના જીવ બચાવવા ચાઈનીઝ દોરીઓ અને તુક્કલનો ઉપયોગ ન કરવામાં આવે તેની તકદારી રાખીએ. તેમણે કહ્યું કે, સવારે પક્ષીઓ માળામાંથી બહાર ચણવા નીકળે ત્યારે અને સાંજે પોતાના માળામાં પરત ફરે તેવા સમયે પતંગ નહી ચગાવવા લોકોમાં અવેરનેસ લાવવામાં આવે. આ ઉપરાંત ઉત્તારાયણની સાંજે તુક્કલ ન ઉડાવવા અને ફટાકડા ન ફોડવા પણ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ઉતરાયણના તહેવાર દરમ્યાન ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટીક દોરી અને તુક્કલનાં વેચાણ તેમજ તેના ઉપયોગ પર પ્રતિબંધ મુકતુ જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે તેનો કડક અમલ કરવા પોલીસ વિભાગના અધિકારીઓને કલેકટરશ્રીએ સુચના આપી હતી.

બેઠકમાં નાયબ વન સંરક્ષક શ્રી મિતેષ પટેલ, નાયબ પશુપાલન નિયામકશ્રી ડૉ. બી. એમ. સરગરા, પશુપાલન આસી. ડાયરેકટરશ્રી ડૉ. જે. પી. મજેઠીયા સહિત સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.